RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 139* Date: 18.03.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના વાયરસના કેસ વધીને ૧૨૯એ પહોંચ્યા,સૌથી વધુ ૩૯ મહારાષ્ટ્રમાં

# કોરોનાનો આતંક: દેશમાં વધુ એક મોત,મૃત્યુઆંક વધીને ૩

### કર્ણાટક,દિલ્હી બાદ કોરોનાથી મુંબઈમાં દર્દીનું મોત, નોઈડામાં વધુ બે કેસ પોઝિટિવ નોંધાયા, નાગપુરમાં સાવચેતીના પગલે કલમ-૧૪૪ લાગુ કરાઈ



*ન્યુ દિલ્હી,તા.૧૭*

દેશભરમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે અને હવે આ આંકડો ૧૨૯ સુધી પહોંચી ગયો છે. આ બધાની વચ્ચે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં વધુ એક શખ્સે કોરોના વાયરસના લીધે છેલ્લા શ્વાસ લીધા. આ ભારતમાં કોરોના વાયરસનો ત્રીજું મોત અને મુંબઈમાં પહેલું મોત છે. આની પહેલાં દિલ્હી અને કર્ણાટકમાં પણ બે કોરોનાના દર્દીઓના મોત થઇ ચૂકયા છે.

કહેવાય છે કે ૬૪ વર્ષના વૃદ્ધ દુબઈથી આવ્યા હતા અને મુંબઈની કસ્તૂરબા હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેમને હિન્દુજાથી કસ્તૂરબા હોસ્પિટલમાં શિફ્ટ કરાયા હતા. મૃતકના પત્ની અને દીકરાનો પણ રિપોર્ટ કોરોના પોઝિટિવ છે. બીજીબાજુ નોઇડામાં બે નવા કોરોના પોઝિટિવ કેસ મળવાથી ભારતમાં કોરોનાના દર્દીઓનો આંકડો વધીને ૧૨૯ થઇ ગયો છે.ગૌતમબુદ્ધ નગરના ચીફ મેડિકલ ઓફિસર અનુરાગ ભાર્ગવે આજે કહ્યું કે નોઇડાના સેક્ટર ૭૮ અને ૧૦૦મા બે કેસની પુષ્ટિ થઇ છે. ભાર્ગવે કહ્યું કે બે લોકોમાં કોરોનાની પુષ્ટિ થઇ છે. તેમણે કહ્યું કે નોઇડાના સેકટર ૭૮ અને સેકટર ૧૦૦મા બે લોકો કોરોના પોઝિટિવ મળ્યા છે. આ બંને લોકો ફ્રાન્સથી પાછા આવ્યા હતા. બંને લોકોને આઇસોલેશન વોર્ડમાં ખસેડાયા છે.

કોરોના વાયરસના વધતા સંક્રમણને જોતા ભારતીયો સહિત યુરોપિયન દેશોમાંથી આવતા લોકો પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. આ સિવાય યુકે અને તુર્કીથી આવનારા લોકો પર પણ પ્રતિબંધ મૂકી દેવાયો છે જેમાં ભારતીયો પણ સામેલ છે. તો આજે ફરીથી ભારત સરકારે મંગળવારના અફઘાનિસ્તાન, ફિલિપાઇન્સ અને મલેશિયાથી આવતા પ્રવાસીઓ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. કોરોના વાયરસને પગલે વિદેશમાંથી આવતા પેસેન્જર્સ માટે આ પ્રતિબંધ લાગુ કરાયો છે. સરકારે આ માટે એડિશનલ ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી હતી. અગાઉ કેન્દ્ર સરકારે ૧૧ માર્ચ તેમજ ૧૬ માર્ચના ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી હતી.

ભારતમાં પણ કોરોનાના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે અને કુલ ૧૨૯ કેસ દાખલ થયા છે. લદ્દાખમાં વધુ ત્રણ લોકોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. જેમાં બે કેસ લેહના છે અને ૧ કારગિલ જિલ્લાનો છે. હવે લદ્દાખમાં કુલ કેસનો આંકડો ૬ થયો છે. ઓડિશા, જમ્મુ કાશ્મીરમાં એક-એક કેસ દાખલ થયો. જ્યારે કર્ણાટકમાં બે અને કેરળમાં કોરોનાના ત્રણ નવા કેસ દાખલ થયા. આ સાથે જ દેશમાં કુલ સંક્રમિત વ્યક્તિની સંખ્યા ૧૨૭ થઈ. સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૩૯ કેસ સામે આવ્યા છે. જેમાં ત્રણ વર્ષની બાળકોનો કોરોના ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યો છે. બાળકીના માતા-પિતા પણ કોરોનાથી સંક્રમિત છે. સ્વાસ્થ્ય મંત્રાલયના મતે ૧૩ લોકોને સારવાર બાદ તબિયત સુધરતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

મુંબઈનું સુપ્રસિદ્ધ સિદ્ધિ વિનાયક મંદિર બંધ કરી દેવાયુ છે. ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં ૩૧મી સુધી ભસ્મ આરતીમાં ભાગ લેવા પ્રતિબંધ મુકી દેવાયો છે. નાશિકમાં બે શંકાસ્પદ વ્યકિતઓ દાખલ થતા કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. પૂણેમાં ૩ દિવસ સુધી બજારો બંધ રાખવાના આદેશો આપવામાં આવ્યા છે. દિલ્હીમાં રાજઘાટ અને લાલકિલ્લાને પ્રવાસીઓ માટે ૩૧ માર્ચ સુધી બંધ કરી દેવામાં આવ્યો છે. કોરોના વાઈરસના પગલે મહારાષ્ટ્રમાં સ્થાનિક ચૂંટણી સ્થગિત કરી દેવામાં આવી છે.

કોરોના વાયરસના વધતા જતા સંક્રમણના કારણે મહારાષ્ટ્રના શિરડી સાંઈ મંદિરને આજે બપોરે ત્રણ વાગ્યાથી શ્રદ્ધાળુઓ માટે બંધ કરી દેવામાં આવ્યું છે. સરકારનો નવો આદેશ આવવા સુધી મંદિર બંધ રહેશે. જોકે, સાંઈ મંદિરમાં દરરોજની જેમ જ પૂજા અને આરતી થતી રહેશે. આ અંગે શ્રી સાંઈબાબા સંસ્થાએ જાણકારી આપી છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીરમાં વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે મંગળવારે એનઆરઆઈ અને વિદેશી પ્રવાસીઓની યાત્રા પર ૨૮ દિવસ માટે પ્રતિબંધ લગાવી દીધો છે.

### કોંગ્રેસ તરફથી કોઈ પ્રતિનિધિ ન પહોંચતાં સુનાવણી ટળી

## મધ્યપ્રદેશ સંકટ: મુખ્યમંત્રી,સ્પીકરને નોટિસ,સુપ્રિમમાં આજે વધુ સુનાવણી



*ન્યુ દિલ્હી/ભોપાલ,તા.૧૭*

મધ્ય પ્રદેશમાં ફ્લોર ટેસ્ટ માટે ભાજપે લાગે છે કે હજુ થોડી રાહ જોવી પડશે. ભાજપની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ટળી છે. આવું એટલા માટે થયું કારણ કે કોંગ્રેસની સરકાર તરફથી કોઈ પણ પ્રતિનિધિ પહોંચ્યો નહીં. હવે આ મામલે સુનાવણી બુધવારે ૧૦.૩૦ વાગે થશે. સુનાવણી દરમિયાન જજોએ કહ્યું કે તેઓ બીજા પક્ષની પણ વાત સાંભળવા માંગે છે. કોર્ટે તમામ પક્ષકારો, મુખ્યમંત્રી અને સ્પીકરને પણ નોટિસ પાઠવી છે. જે મુજબ બધાએ પોતાનો પક્ષ રજુ કરવાનો રહેશે. અત્રે જણાવવાનું કે ભારતીય જનતા પાર્ટી તરફથી તાબડતોબ ફ્લોર ટેસ્ટની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી હતી. ભાજપના નેતા શિવરાજ સિંહ ચૌહાણે સુપ્રીમ કોર્ટમાં આ અરજી કરી હતી. ભાજપે આશા વ્યક્ત કરી હતી કે મધ્ય પ્રદેશમાં કર્ણાટકવાળી થશે.

રાજ્યપાલની ચિઠ્ઠીનો કમલનાથે મંગળવારે ચિઠ્ઠી લખીને જવાબ આપ્યો છે. કમલનાથે કહ્યું છે કે, રાજ્યપાલનો ૧૭ માર્ચે જ બહુમત સાબીત કરવાનો આદેશ ગેરબંદારણીય છે.ફ્લોર ટેસ્ટને લઈને સોમવારે ભોપાલમાં સવારથી લઈને રાત સુધી ખુબ ગરમાગરમી જોવા મળી હતી. સવારે વિધાનસભાની કાર્યવાહી રાજ્યપાલના ભાષણથી શરૂ થઈ. રાજ્યપલે એક મિનિટમાં ભાષણ પૂરું કરીને ચાલતી પકડી હતી. ત્યારબાદ સ્પીકરે ૨૬ માર્ચ સુધી કોરોનાના નામ પર વિધાનસભા સ્થગિત કરી દીધી. ત્યારબાદ ભાજપે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી. આ સાથે જ તમામ ૧૦૬ બીજેપી ધારાસભ્યોની રાજભવનમાં પરેડ પણ કરાવી. સાંજ થતા થતા તો રાજ્યપાલે મુખ્યમંત્રીને લેટર લખીને ફ્લોર ટેસ્ટ કરાવવાનો આદેશ આપ્યો અને રાતો રાત કમલનાથ રાજ્યપાલને મળવા માટે રાજભવન પહોંચી ગયા હતાં.

આ ઉપરાંત મોડી રાત્રે મુખ્યમંત્રી કમલનાથે જણાવ્યું કે, ભાજપ ઈચ્છે તો અવિશ્વાસ પ્રસ્તાવ લાવે. કોંગ્રેસ પાસે બહુમત છે અને આથી તેઓ ફ્લોર ટેસ્ટ માટે તૈયાર નથી. એક દિવસ પહેલા જ તેમણે જણાવ્યું હતું કે, તેઓ ફ્લોર ટેસ્ટ માટે તૈયાર છે. જો કે હવે તેઓ ફ્લોર ટેસ્ટ ટાળવાનો પ્રયત્ન કરી રહ્યાં છે.

### નિષ્ણાતોએ લાલબત્તી ધરી-જેમ જેમ સમય વધશે કેસોમાં અનેકગણો વધારો થશે

## સાવધાન: કોરોના ભારત માટે હિમપ્રપાત સમાન ભારે મોટી આફત

*ન્યુ દિલ્હી,તા.૧૭*

દુનિયાના ૧૬૪ દેશો અને ૧.૮૩ લાખ લોકોમાં ફેલાઇ ગયેલા ભયાનક ચાઇનીઝ રોગ કોરોના વાઇરસના કેસો પણ હવે ધીરે ધીરે ભારતમાં વધી રહ્યાં છે. નિષ્ણાતો તેની ભયાનક્તાની સરખામણી હિમપ્રપાત સાથે કરીને દાવો કરી રહ્યાં છે ૧૩૦ કરોડની ગીચ આબાદીવાળા આટલા મોટા દેશમાં અત્યારે ભલે કેસોની સંખ્યા સાવ ઓછી લાગતી હોય પણ જેમ જેમ સમય જશે તેમ તેમ સંભવતઃ એપ્રિલમાં કેસોમાં ઝડપભેર અનેકગણો વધારો થઇ શકે તેમ છે. ભારતમાં કોરોનાગ્રસ્તોની સંખ્યા વધીને ૧૨૬ પર અને કોરોનાથી મરનારાઓની સંખ્યા ૩ પર પહોંચી ગઇ છે. ભારતમાં ૧૨૬માંથી ૧૧૦ કેસો હોસ્પિટલમાં છે. અત્યારસુધી ૧૩ કોરોનાગ્રસ્ત દર્દીઓ સાજા થયા છે. કોરોનાના સૌથી વધુ પોઝીટીવ કેસો મહારાષ્ટ્રમાં નોંધાયા છે. ગુજરાત સહિત મોટા ભાગના રાજ્યોએ સાવચેતીના પગલારૂપે શાળા-કોલેજો, જાહેર મેળાવડા, મોલ,સિનેમા,સ્નાનાગાર વગેરે. બંધ રાખ્યાં છે જેમાં ધાર્મિક આસ્થાના પ્રતિક સમાન જાણીતા મંદિરો પણ સાવચેતીના પગલારૂપે અમુક સમય સુધી બંધ રાખવામાં આવ્યાં છે. ભારત આ રોગચાળાના સ્ટેજ-૨માં પહોંચી ગયું છે અને ૩૦ દિવસ કટોકટીના છે ત્યારે ભારત સરકાર અને રાજ્યો સ્ટેજ-૨નો ગાળો હેમખેમ પસાર થઇ જાય તેની સવિશેષ તકેદારી રાખી રહ્યાં છે ત્યારે મુંબઇમાં મહત્વની એવી લોકલ ટ્રેન સેવાને અમુક સમય સુધી બંધ રાખવાની વિચારણા ચાલે છે.જેતી લોકોની અવરજવર બંધ થાય અથવા ઓછી થાય. સમગ્ર વિશ્વમાં આ રોગથી મરનારાઓની સંખ્યા ૭.૧૭૪ પર પહોંચી ગઇ છે. ચીન બાદ ઈટાલીમાં સૌથા વધુ લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા છે.

સરકારી અનુદાનિત સંસ્થા ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચના સેન્ટર ફોર એડવાન્સ્ડ રિસર્ચ ઈન વાઈરોલોજીના ભૂતપૂર્વ વડા ડો. ટી. જેકોબ જહોનનું માનવુ છે કે, ×તેઓ એટલે કે સરકાર સમજી રહી નથી કે આ એક હિમપ્રપાત છે,× જહોન, જે પોલિયો નાબૂદી પરના ભારત સરકારના નિષ્ણાત સલાહકાર જૂથના અધ્યક્ષ અને વેલોરની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજમાં રાષ્ટ્રીય એચ.આઇ.વી / એડ્સ સંદર્ભ કેન્દ્રના અધ્યક્ષ પણ હતા, તેઓ એમ પણ કહે છે કે ×જેમ જેમ દરેક અઠવાડિયું પસાર થાય છે તેમ હિમપ્રપાતરૂપી આફત મોટી અને મોટી થતી જશે.×ચીનમાં દર ચોરસ કિલોમીટર વિસ્તારમાં માનવ વસ્તી માત્ર ૧૪૮ની છે જ્યારે ભારતમાં તેનું પ્રમાણ ૪૨૦ લોકોનું છે. એટલે કે ભારતમાં ચીન કરતાં પણ વધારે વસ્તીની ગીચતા અને એકબીજાના ચેપથી આ રોગ ફેલાતો હોય ત્યારે નિષ્ણાતો ભારતમાં આ રોગ વધવાની શક્યતાને નકારી કાઢતા નથી.ભારતમાં મુખ્ય ચિંતા એ મહારાષ્ટ્રની છે, જે ભારતમાં સૌથી વધુ શહેરીકરણ અને આર્થિક રાજધાની મુંબઇ અને બેંચમાર્ક સ્ટોક એક્સચેંજ ધરાવે છે. મહારાષ્ટ્રમાં ૩૯ કેસ સાથે ચેપનો સૌથી મોટો ફેલાવો નોંધાયો છે. સોમવારે તેની સરકારે શહેરોને વર્ચુઅલ લોકડાઉન કરવાની હાકલ કરી છે. તમામ જાહેર સ્થળો બંધ કરી દેવી, યુનિવર્સિટીની પરીક્ષાઓ મુલત્વી રાખવી અને સરકારી કચેરીઓ અને ખાનગી કંપનીઓને ઓછામાં ઓછું અડધો કર્મચારીઓ ઘરેથી કામ કરે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપે મુંબઈમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ×આ સમયે મહારાષ્ટ્ર બીજા તબક્કે છે.× ×પરંતુ જો આપણે ચેપને અને આ ચેપી રોગ ફેલાવવાથી રોકીશું નહીં, તો અમે ત્રીજા તબક્કા તરફ સરકી જઈશું અને તેનો અર્થ ચેપની સંખ્યામાં વધારો થશે,× તેમણે જણાવ્યું હતું. ×આપણે કોઈ પણ સંજોગોમાં આ રોગનો સામનો કરવો પડશે.×

## મૂડીઝે ભારતનો જીડીપી ગ્રોથ ઘટાડી ૫.૩ ટકા કર્યો

*ન્યુ દિલ્હી,તા.૧૭*

કોરોના વાયરસના અસરને પગલે રેટિંગ એજન્સી મૂડીઝે વર્ષ ૨૦૨૦ માટે ભારતના જીડીપી ગ્રોથના અનુમાનને ઘટાડીને ૫.૩ ટકા કરી દીધું છે. મૂડીઝે ફેબ્રુઆરીના પોતાના ગત અનુમાનની તુલનામાં ૧૦ બેસિસ પોઇન્ટ્સનો ઘટાડો કર્યો છે. આ પહેલા મૂડીઝે ૨૦૨૦માં ભારતનો જીડીપી ગ્રોથ ૫.૪ ટકા રહેવાનું અનુમાન દર્શાવ્યું હતું.

રેટિંગ એજન્સીએ સ્પષ્ટપણે કહ્યું છે કે આવનારા દિવસોમાં કોરોના વાયરસની અસર ભારતીય અર્થવ્યવસ્થા પર પણ દેખાશે કેમકે આ સંક્રમણના પગલે ઔદ્યોગિક ગતિવિધિઓમાં અવરોધની સ્થિતિ પેદા થઇ છે.

મૂડીઝે પહેલા ભારતનો જીડીપી ગ્રોથ ૬.૬ ટકા રહેવાનું અનુમાન દર્શાવ્યું હતું. પરંતુ હવે આ સતત ઘટતો જઈને ૧.૩ ટકા સુધી ઘટી ગયો છે. વર્ષ ૨૦૧૮માં દેશનો જીડીપી ૭.૪ ટકા જ હતો. ૨૦૧૯ની તુલનામાં ૨૦૨૦ અને ૨૦૨૧માં ભારતની અર્થવ્યવસ્થામાં સુધારની આશા દર્શાવાઇ રહી હતી, પરંતુ કોરોના વાયરસની અસરને પગલે મોટો ઝટકો લાગ્યો છે.

મંગળવારે રેટિંગ એજન્સીએ કહ્યું કે કોરોના વાયરસને પગલે ઘરેલૂ ખર્ચમાં ઘટાડો જોવા મળી શકે છે. આ ઉપરાંત એક્સપોર્ટમાં પણ ઘટાડો જોવા મળી શકે છે. તેનાથી ભારતની અર્થવ્યવસ્થાની ગ્રોથમાં ઘટાડો થવાની આશંકા છે.

આ પહેલા ૧૭ ફેબ્રુઆરીએ મૂડીઝે વિકાસ દરનું અનુમાન ૬.૬ ટકાથી ઘટાડી અને ૫.૪ ટકા કરી દીધું હતું. રેટિંગ એજન્સીનું અનુમાન છે કે કોરોના વાયરસના કારણે વિશ્વભરના અર્થતંત્રને અસર પડી છે.

## મહિલા અધિકારીઓને હવે નૌસેનામાં મળશે કાયમી કમિશન: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૧૭

આર્મી બાદ હવે નેવીમાં પણ મહિલા ઓફિસરોને કાયમી કમિશન મળશે. સુપ્રીમ કોર્ટે મંગળવારે આ ચૂકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ઈન્ડિયન નેવીમાં પરમેનેન્ટ કમિશન આપવા સમયે મહિલા અને પુરૂષોને એક સમાન અધિકાર મળવો જોઈએ. જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડની આગેવાની ધરાવતી આ બેંચે નેવીમાં કામ કરી રહેલી મહિલા ઓફિસરોને ત્રણ મહિનાની અંદર કાયમી કમિશન આપવા જણાવ્યું છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, નેવીમાં શૉર્ટ સર્વિસ કમિશન અંતર્ગત સેવા આપી રહેલી મહિલાઓને કાયમી કમિશન આપવાનો ઈંકાર કરવો તેમની સાથે અન્યાય છે. સુપ્રીમ કોર્ટે અગાઉ મહિલાઓને ઈન્ડિયન આર્મીમાં કાયમી કમિશન આપવાના પક્ષમાં ચુકાદો આપ્યો હતો.

કાયમી કમિશન મળવાથી શોર્ટ સર્વિસ કમિશનથી ઉલટુ મહિલાઓ નિવૃતિ સુધી ઈન્ડિયન નેવીની સેવા કરી શકશે. શોર્ટ સર્વિસ કમિશન અંતર્ગત મહિલા હોય કે પુરુષ તેમને ૧૦ વર્ષ સુધી નોકરીની મંજૂરી મળે છે. જેને વધુમાં વધુ વધારીને ૧૪ વર્ષ કરવામાં આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે આ વર્ષે ફેબ્રુઆરીમાં જણાવ્યું હતું કે, આર્મીમાં કામ કરનારી તમામ મહિલા ઓફિસરોને કાયમી કમિશન મળશે. પછી ભલેને તેમણે કેટલા વર્ષ નોકરી કેમ ના કરી હોય? સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, આર્મીએ નૉન કૉમ્બેટ સપોર્ટ યુનિટોમાં મહિલા ઓફિસરોને કાયમી કમિશન આપવામાં આવે. તેમને પુરુષ ઓફિસરોને બરાબર રાખવામાં આવે.

જો મહિલા ઓફિસરો શોર્ટ સર્વિસ કમિશનને પૂર્ણ કર્યા બાદ કાયમી કમિશન ઈચ્છે તો તેમને તેનો પૂરો હક્ક મળવો જોઈએ. ૧૯૫૦માં બનેલા આર્મી એક્ટ અંતર્ગત મહિલાઓને કાયમી કમિશન માટે ગેરલાયક ઠેરવવામાં આવી હતી. જેને ૪૨ વર્ષ બાદ ૧૯૯૨માં સરકારે ૫ બ્રાંચોમાં મહિલા અધિકારી બનાવવાની અધિસૂચના જાહેર કરી હતી. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે સરકારને આદેશ આપ્યો કે, આર્મીમાં મહિલાઓને સ્થાયી કમિશન આપવામાં આવે.

## જેએનયુ ફરી વિવાદોમાં: જિન્નાના પોસ્ટરો લાગ્યા,સાવરકરના નામ પર કૂચડો ફેરવાયો

*ન્યુ દિલ્હી,તા.૧૭*

દિલ્હીની જવાહરલાલ નહેરૂ યૂનિવર્સિટી એકવાર ફરી ચર્ચામાં આવી ગઈ છે. કેમ્પસમાં આ વખતે મહમદ અલી ઝીણાનાં પોસ્ટર લગાવવામાં આવ્યા છે. સોમવાર રાત્રે કેટલાક અસામાજિક તત્વોએ કેમ્પસની અંદર વિનય દામોદર સાવરકર માર્ગનાં સાઇન બૉર્ડ પર સફેદ પેઇન્ટથી બીઆર આમ્બેડકર માર્ગ લખી દીધું હતુ. તો કેટલાક સમય પછી તેના પર સહી ફેંકીને ઝીણાનાં પોસ્ટર લગાવી દેવામાં આવ્યા હતા.સવાર થતા ઝીણાની તસવીરને ત્યાંથી હટાવીને ફરી પેઇન્ટથી આમ્બેડર માર્ગ લખી દેવામાં આવ્યું હતુ. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનાં પ્રેસિડન્ટ શિવમ ચૌરાસિયાનું કહેવું છે કે અસામાજિક તત્વો દ્વારા આ શરમજનક હરકત કરવામાં આવી. અમે કૉલેજ એડમિનથી સંપૂર્ણ તપાસ માંગીએ છીએ. જો કે જેએનયૂ એડમિનિસ્ટ્રેશન અથવા પોલીસને કોઈ લેખિત ફરિયાદ હજુ સુધી આપવામાં આવી નથી.

ઉલ્લેખનીય છે કે કેટલાક સમય પહેલા જ જેએનયૂ તંત્રએ કેમ્પસની અંદર એક રોડને વિનય દામોદર સાવરકર માર્ગ નામ આપવામાં આવ્યું હતુ. કેમ્પસનાં આ નિર્ણય પર વિદ્યાર્થીઓએ વાંધો ઉઠાવ્યો હતો. તો જેએનયૂ વિદ્યાર્થી સંઘની અધ્યક્ષ આઈશી ઘોષે પણ આની નિંદા કરતા ટ્વીટ કરીને જેએનયૂ તંત્રને આડેહાથે લીધું હતુ, પરંતુ જેએનયૂ વહીવટી તંત્ર અડગ રહ્યું અને રોડનાં નામમાં કોઈ બદલાવ નથી કર્યો.જેએનયૂ પ્રશાસને જે રોડનું નામ વિનય દામોદર સાવરકર માર્ગ રાખ્યું હતુ, તે જ રોડનાં સાઇન બૉર્ડ પર કેટલાક અસામાજિક તત્વોએ નામ બદલીને આમ્બેડકર માર્ગ કરી દીધુ હતુ.

## તંત્રી સ્થાનેથી...

# પ્રવાસીઓને રાહત મળવી રહી

સમગ્ર વિશ્વ અત્યારે કોરોના વાઈરસના ભરડામાં છે. મીડિયાએ કોરોના વાઈરસનો છે એના કરતા એટલો મોટો હાઉ ઊભો કર્યો છે કે લોકોમાં રીતસર એક પ્રકારનો ડર બેસી ગયો છે. સરકારે પણ આગોતરા પગલાં લઈ સ્કૂલ-કોલેજ સહિત મોલ અને થિયેટરો પણ બંધ કરવાનું એલાન કરી દીધું છે. ચારેતરફ માત્ર કોરોના એક જ હોટ ટોપીક છે. સરકારે માત્ર મોટાં સંસ્થાનો જ નહીં, પરંતુ વિદેશમાં કે આપણા દેશમાં ફરવા જવા પર પણ રોક લગાવી દીધી છે. આને કારણે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે અનેક લોકોના લાખો રૂપિયા ફસાઈ ગયા છે અને રૂપિયા પાછા તેમને કામ આવી શકે તેમ પણ નથી. ઊનાળું વેકેશન સમયે રેલવે કે હવાઈ મુસાફરી યા બસ માર્ગે ટિકિટો મળવાની સંભાવના નહીંવત્ હોય છે. વળી જો છેલ્લી ઘડીએ વિમાનની ટિકિટ કઢાવો તો બેથી પાંચ ગણા રૂપિયા ચૂકવવા પડતા હોય છે અને હોટેલોનું પણ એવું જ છે. છેલ્લી ઘડીએ હોટેલોના ભાવ પણ વધુ જ હોય છે. આવામાં સામાન્ય રીતે લોકો અગાઉથી બુકિંગ કરાવી લેતા હોય છે.હવે એવું બન્યું છે કે કોરોનાને લઈને સરકારે જે માર્ગદર્શિકા બહાર પાડી છે તેને કારણે લોકોએ હવે પોતાના પ્રવાસ મુલતવી રાખવા પડ્યા છે. આને કારણે જે લોકોએ વહેલાસર બુકિંગ કરાવ્યું છે તેમને મોટી અસર પડી છે. અનેક હવાઈ કંપનીઓએ રિફંડ આપવાની ચોખ્ખી ના પાડી દીધી છે તો સામે પક્ષે જે લોકોએ અગાઉથી હોટેલ બુકિંગ કરી લીધું છે તે હોટેલવાળાઓએ પણ બુકિંગ રદ કરવા સામે પૈસા પાછવા આપવામાં નનૈયો ભણ્યો છે. વિદેશના પ્રવાસે જનારા કેટલાક લોકોએ પોતાના પ્રવાસનો વીમો ઊતાર્યો હોય તેમને કદાચ એટલું નુકસાન નહીં થાય પરંતુ બાકીની જનતાને મોટું નુકસાન થઈ શકે તેમ છે. સામાન્ય રીતે વેકેશનમાં જનારા પર્યટકો ૧૦૦ ટકા પ્રવાસ કરવાના હોઈ કન્ફર્મ બુકિંગ કરાવતા હોય છે જેનો દર સામાન્ય રીતે થોડો ઓછો હોય છે, પરંતુ તેમાં ટિકિટ કેન્સલ કરાવો તો રિફન્ડ મળવાની શક્યતા હોતી નથી. પરંતુ હાલમાં જે કિસ્સાઓ બન્યા છે તેમાં લોકોએ પોતાની ટિકિટો કેન્સલ નથી કરાવી, સરકારી નિર્દેશને કારણે પરાણે લોકોએ પોતાનો પ્રવાસ મુલતવી રાખ્યો પડ્યો છે. આને કારણે આ સમગ્ર ઘટનાને એક કુદરતી હોનારત ગણીને સરકારે લોકોને પૈસા પાછા અપાવવા જોઈએ. વળી હોટેલવાળા કેવી રીતે લોકોના પૈસા પોતાની પાસે રાખી શકે જ્યારે પર્યટકો તેમની હોટેલમાં ઊતર્યા જ ન હોય? હોટેલવાળાઓએ પર્યટકોના પૈસા પાછા આપવા જ જોઈએ અને જો એમ કરી શકે તેમ ન હોય તો તેમણે એ સમગ્ર લોકોને રિફંડ આપવાને બદલે ક્રેડિટ નોટ આપવી જોઈએ, જેનો એક વર્ષની અંદર જે તે પ્રવાસી ક્યારે પણ ઉપયોગ કરી શકે.કેટલીક ટ્રાવેલ એજન્સીઓએ પણ આનો ફાયદો ઉપાડી લીધો છે અને હવાઈ કંપનીઓ અને હોટેલવાળા રિફંડ નથી આપતાં એવું જણાવી પોતાના ગ્રાહકોને રીતસર બેવકૂફ બનાવી રહ્યા છે. ઍરલાઈન્સ અને હોટેલિયરને નામે આવી કેટલીક એજન્સીઓએ લોકોના રૂપિયા પાછા આપવાનો નનૈયા ભણ્યો છે, તો કેટલીક રેપ્યુટેડ એજન્સીઓએ પોતાના ગ્રાહકોને સાચવવા માટે પોતાના ગજવામાંથી પણ કેટલાક રૂપિયા પાછા આપ્યા હોવાના કિસ્સાઓ બન્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૮/૦૩/૨૦૨૦, બુધવાર, ફાગણ વદ-૧૦
સૂર્યોદય-૬-૫૫, સૂર્યાસ્ત-૬-૫૫, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ પૂર્વાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૫૪ થી લાભ-અમૃત-૯-૫૫ સુધી, ૧૧-૨૫ થી શુભ-૧૨-૫૫ સુધી, ૧૫-૫૬ થી ચલ-લાભ-૧૮-૫૭ સુધી, ૨૦-૨૬ થી શુભ-અમૃત-ચલ-૦-૫૫ સુધી

- શુભ હોરા-
૬-૫૪ થી ૮-૫૪ સુધી, ૯-૫૫ થી ૧૦-૫૫ સુધી, ૧૨-૫૫ થી ૧૫-૫૬ સુધી, ૧૬-૫૬ થી ૧૭-૫૬ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૮-૦૩-૨૦૨૦ બુધવાર

**મેષ (અ.લ.ઈ.) :-** નાણાંકીય સ્થઇતિ મજબૂત બનતી જમાય. રોજગારીની નવી તકો મળે. આવકનું પ્રમાણ રહે.

**વૃષભ (બ.વ.ઉ.) :-** પરદેશથી સુભ સમાચાર મળે. એકંદરે સમય સુભ રહે. અભ્યાસમાં પ્રગતિ. વિદેશથી શુભ સમાચાર પ્રાપ્ત થાય.

**મિથુન (ક.છ.ઘ.) :-** જમીન, વાહન, મકાનના યોગ. આરોગ્ય સુખાકારી, કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું બની રહે.

**કર્ક (ડ.હ.) :-** વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ટેન્શન ઓછું રહે. સમય શુભ. જમીન-મકાન ખરીદી શક્ય બને.

**સિંહ (મ.ટ.) :-** સટ્ટાકીય કાળજી રાખવી. આવકનું પ્રમાણ જળવાઈ રહે. વાહન-મકાન સુખ ઉત્તમ. આરોગ્ય સાચવવું.

**કન્યા (પ.ઠ.ણ.) :-** ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત. ધાર્મિક યાત્રાપ્રવાસનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળ રહે.

**તુલા (ર.ત.) :-** બુદ્ધિ-વિવેકથી કાર્ય સિદ્ધ થાય. કુટુંબ સુખ આવક વધે. ધંધામાં આવક વધે. અભ્યાસમાં પ્રગતિ.

**વૃશ્ચિક (ન.ય.) :-** શેર સટ્ટાકીય બાબતોથી સંભાળવું. માનસિક ચિંતા હળવી બને. અકંદરે સમય શુભ. રોજગારીની તકો મળે.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** નોકરીમાં ઉપર અધિકારીનું માર્ગદર્શન મળી રહે. બદલી-બઢતીની શક્યતા આરોગ્ય સુખાકારી.

**મકર (ખ.જ.) :-** વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. આવકનું પ્રમાણ જળવાઈ રહે.

**કુંભ (ગ.શ.સ.) :-** શેરબજારથી લાભ થાય. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. આરોગ્ય સુખાકારી રહે.

**મીન (દ.ચ.ઝ.) :-** ઇષ્ટદેવની કૃપાથી મુશ્કેલીમાં રાહત. ધાર્મિકયાત્રા પ્રવાસના યોગ. આરોગ્ય સારું રહે.

# WHOએ કોરોના સામે ભારત સરકારના ત્વરિત પગલાની પ્રશંસા કરી

*ન્યુ દિલ્હી,તા.૧૭*

વિશ્વ આરોગ્ય સંસ્થાએ મંગળવારે કોરોના વાઈરસ સામેની લડત પ્રત્યે ભારત સરકારની કટિબદ્ધતાની પ્રશંસા કરી છે. કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ સાથે બેઠક યોજ્યા બાદ ભારતમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રતિનિધિ હેંક બેકેડમે ભારત દ્વારા કોરોના વાઈરસ સામેની લડતને લઈ જે સફળ પ્રયત્ન કરવામાં આવ્યા છે તેની પ્રશંસા કરવામાં આવી છે. મારા મતે ભારત સરકારના સર્વોચ્ચસ્તર પ્રધાનમંત્રી કાર્યાલયથી લઈ તમામ લેવલે ખૂબ જ ત્વરીતતાથી કામગીરી કરવામાં આવી છે અને આ કામગીરી પ્રભાવશાળી રહી છે.

ભારત જે સારી કામગીરી કરી રહ્યું છે તેના કેટલાક કારણો પૈકીનું આ પણ એક કારણ છે.હું ખરેખર એ બાબતથી પ્રભાવિત છું કે દરેક વ્યક્તિને ખસેડવામાં આવી રહી છે, તેમ બેકેડમે જણાવ્યું હતું. ભારત અને ખાસ કરીને આઈસીએમઆર તથા ડિપાર્ટમેન્ટ હેલ્થ રિસર્ચ ખૂબ જ સારી સંશોધન ક્ષમતા ધરાવે છે.તેઓ કોરોના વાઈરસને અલગ-થલગ કરવાની પૂરી ક્ષમતા ધરાવે છે.

# વાયરસનો કહેરઃ ઈરાનના ધાર્મિક નેતા આયતુલ્લાહ હાશીમ બાથેઈનું મોત

*તહેરાન,તા.૧૭*

ઈરાનના સર્વોચ્ચ નેતાની ચુંટણી કરનારા દેશનાં સર્વોચ્ચ ધાર્મિક સંગઠનનાં એક ૭૮ વર્ષીય સભ્યનું મૃત્યુ કોરોનાવાયરસ ચેપને કારણે થયું છે. ઈરાની ન્યૂઝ એજન્સી ફાર્સ અને તસ્નિમના અહેવાલો અનુસાર, 'મજિલસે ખબરગાને રહબરી'ના સભ્ય, આયતુલ્લાહ હાશીમ બાથેઈનું મૃત્યુ કોરોના વાયરસના ચેપને કારણે થયું છે. આ મજલિસને દેશના ટોચના નેતાને ચૂંટવાનો અને દૂર કરવાનો અધિકાર છે. આ નેતા દેશની તમામ મહત્વપૂર્ણ નીતિઓ પર અંતિમ નિર્ણય લે છે.ન્યુઝ એજન્સીઓએ જણાવ્યું કે ઈરાનના ઘણા ઉચ્ચ અધિકારીઓ આ વાયરસથી ચેપગ્રસ્ત છે, જેમાંથી ઘણાની હાલત ખુંબ જ નાજુક મનાય છે.ઈરાનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસથી ૧૨૯ વધુ લોકોના મોત થઇ ગયા છે, ત્યારબાદ મૃતકોની સંખ્યા વધીને ૮૫૩ પહોંચી ગઈ છે. ઈરાનમાં, ૧૪૦૦૦ થી વધુ લોકો કોરોના ચેપથીની ઝપેટમાં છે.

### સેન્સેક્સ ૮૧૦ અંક ઘટી ૩૦૫૭૯ તો નિફ્ટી ૨૩૦ અંક માઈનસ સાથે ૮૯૬૭ની સપાટીએ

# સેન્સેક્સમાં ૮૧૦ અંકોનું ગાબડુંઃ નિફ્ટી ૩ વર્ષના તળિયે બંધ

*મુંબઈ,તા.૧૭*

સોમવારે રાત્રે યુએસ માર્કેટમાં સર્જાયેલ ભારે તારાજી બાદ આજે ભારતીય શેરમાર્કેટમાં પણ મસમોટા ગાબડાની આશંકા સેવાઈ રહી હતી પરાતુ, આજે બેંચમાર્ક ઈન્ડેક્સ સોમવારના હેવી સેલઓફ બાદ વધીને ખુલ્યાં હતા. જોકે સવારના સત્રમાં જ ઉછાળો ધોવાયો હતો અને ઈન્ડેક્સ ૨%ની તેજી ગુમાવી નેગેટીવ ઝોનમાં સરક્યાં હતા. બપોરે ૧૨ કલાકે ભારતના શેરબજાર ૧%ના વધારા સાથે ટ્રેડ કરી રહ્યાં હતા અને યુરોપના બજારો ૪%ના ઉછાળે ખુલ્યા હતા.

૨ વાગ્યાના સુમારે યુએસ ફ્યુચર્સની સાથે યુરોપના બજાર ઉપલા મથાળેથી ગગડ્યા તો ભારતમાં પણ વેચવાલી હાવી થઈ હતી. ૨.૩૦ વાગે સેલિંગ પેનિક સર્જાતા સેન્સેક્સ-નિફ્ટીમાં મસમોટું ગાબડું જોવા મળ્યું હતુ. બેંકિંગ શેરોના ઘટાડે સેન્સેક્સ-નિફ્ટી ૩% સુધી તૂટ્યાં હતા. મંગળવારે એનએસઈ સૂચકઆંક ૨૩૦ અંકોના કડાકે ૮૯૬૭ના લેવલે અને સેન્સેક્સ પણ ૮૧૦ અંક નીચે ૩૦,૫૭૯ના લેવલે બંધ આવ્યા છે. સેન્સેક્સ ૩૪ માસના તળિયે અને નિફ્ટી ઈન્ડેક્સ ૩ વર્ષના તળિયે બંધ આવ્યા છે.



સેન્સકસના ૩૦માંથી ૨૭ શેર ઘટાડા સાથે અને માત્ર ૩ શેર વધીને બંધ આવ્યા છે. બીએસઈના બધા જ સેક્ટોરિયલ ઈન્ડાયસિસ નગેટીવ ઝોનમાં બંધ આવ્યા છે. સ્મોલકેપ ઈન્ડેક્સ ૨.૨૭%(૨૫૧ પોઈન્ટ) અને મિડકેપ ઈન્ડેક્સ ૧.૮૪%(૨૧૮ પોઈન્ટ) ઘટ્યાં છે. બીએસઈ ખાતે માત્ર ૭૭૭ શેર વધીને બંધ આવ્યા છે, સામે પક્ષે ૧૬૫૨ શેરમાં ઘટાડો નોંધાયો છે અને તેમાંથી ૪૦૨ શેરમાં નીચલી સર્કિટ લાગી હતી.

બેંક શેરોમાં ભારે ધોવાણની વચ્ચે આજે યસ બેંક ૫૮ ટકાના વધારા સાથે ૫૮ રુપિયાના સ્તરે બંધ થયો હતો. આ શેરે ૧૦ જ દિવસમાં ૫.૬૫ રુપિયાના તળીયેથી ૧૦૦૦ ટકા રિકવરી બતાવી છે.

બીએસઈ સેન્સેક્કસના આજે સૌથી વધુ ઘટનારા શેર્સમાં બેંક શેર્સ ટોચ પર રહ્યા હતા. ઈન્ડસિન્ડ બેંકનો શેર ૯ ટકા ઘટીને ૬૦ રુપિયાના ઘટાડા સાથે ૬૦૪ રુપિયાના સ્તરે બંધ થયો હતો. આઈસીઆઈસીઆઈનો શેર પણ આજે ૮.૮૫ ટકા ઘટી ૩૫ રુપિયાના ઘટાડા સાથે ૩૬૭ રુપિયાના સ્તરે બંધ આવ્યો છે. બજાજ ફાઈનાન્સ, અને કોટક બેંક પણ આજે ક્રમશઃ ૬.૧૯ ટકા અને ૪.૪૧ ટકા તૂટ્યા છે. એક્સિસ બેંકમાં પણ આજે ૩.૯૮ ટકાનો જયારે એચડીએફસીમાં ૪.૬૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ઈન્ફોસિસે પણ આજે ૫૨ સપ્તાહની સૌથી નીચી સપાટી તોડી ૫૫૦ રુપિયાનું નવું તળીયું બનાવ્યું હતું, અને ભારે ચઢઉતર બાદ આ શેર ૫૫૫.૬૦ રુપિયાના સ્તરે બંધ રહ્યો હતો.વધનારા શેર્સની વાત કરીએ તો, બીએસઈ પર એચયુએલ આજે ટોચ રહ્યો હતો. ત્યારબાદ હીરોમોટોકોર્પ, પાવરગ્રીડ, મારુતિ, એશિયન પેઈન્ટ્સ, નેસ્લે, આઈટીસી, એચસીએલ અને સનફાર્મામાં પણ સાધારણ તેજી જોવા મળી હતી.

# કોરોનાનો આતંકઃ અમેરિકામાં કર્ફ્યૂ,ફ્રાંસમાં લોકડાઉન,૭૦૦૦થી વધુ લોકોના મોત

*વૉશિંગ્ટન,તા.૧૭*

કોરોના વાઈરસે દુનિયાના તાકાતવર દેશોને પણ ઘૂંટણિયે પડવા મજબૂર કરી દીધા છે. કોરોનાના સંક્રમમણથી બચવા અમેરિકાના બે મોટા રાજ્ય ન્યૂ જર્સી અને સાન ફ્રાન્સિસ્કોમાં કર્ફ્યૂની જાહેરાત કરી દેવામાં આવી છે. અમેરિકાના નાગરિકોને કહેવામાં આવ્યું છે કે શક્ય હોય ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. અમેરિકાના રાષ્ટ્રપતિએ સોમવારે દેશવાસીઓને કહ્યું કે દસથી વધારે લોકો એકઠા ન થાય.

બીજી તરફ ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોએ સોમવારના રોજો કોરોના વાઈરસને મુદ્દે રાષ્ટ્રને સંબોધિત કર્યા. જેમાં તેમણે આગામી ૧૫ દિવસ સુધી દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે કોરોનાનો ચેપ ફેલાય નહીં તે માટે ફ્રાંસના નાગરિક ૧૫ દિવસ સુધી ઘરની બહાર ન નીકળે અને શક્ય હોય ત્યાં સુધી પોતાના સામાજિક સંપર્કને ઓછા કરી નાખો. જરુરી ટ્રીપની પરવાનગી આપવામાં આવશે અને જે આદેશનું ઉલ્લંઘન કરશે તેને દંડિત કરવામાં આવશે. લોક ડાઉન સફળ બનાવવા માટે સરકારે એક લાખ પોલીસકર્મીઓને રસ્તાઓ પર તહેનાત કરવાનો નિર્ણય લીધો છે.

અમેરિકા કોરોના વાઇરસને નાથવા વેક્સીનનું પરીક્ષણ કરી ચુક્યું છે, પરંતુ અમેરિકાને પણ લાગે છે કે આ બીમારી પર કાબુ મેળવવા માટે જુલાઇ-ઓગસ્ટ સુધી લાગી શકે છે. વ્હાઇટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા રાષ્ટ્રપતિ ડોનાલ્ટ ટ્રમ્પે પહેલીવાર સ્વીકાર્યું કે અમેરિકાની અર્થવ્યવસ્થા મંદીના દૌરમાં જઇ શકે છે.

કોરોના વાઈરસથી મંગળવાર સુધી ૧૬૨ દેશોમાં ઈન્ફેક્શન ફેલાયું છે. અત્યાર સુધી કુલ ૧,૮૨,૫૪૭ કેસ નોંધાયા છે. દુનિયામાં કુલ ૭,૧૬૪ લોકોના મોત થયા છે. સારી વાત એ છે કે ૭૯,૮૮૧ લોકો ઈન્ફેક્શનથી સાજા થઈ ગયા છે. ચીન, ઇટલી, સ્પેન અને ઈરાન સૌથી કોરોના પ્રભાવિત દેશો છે.

ઈટલીમાં કોરોના વાયરસથી મરનારાઓની સંખ્યા થોભવાનું નામ જ લઇ રહ્યું નથી. અહીં સોમવારના રોજ પણ ૩૪૯ લોકોના મોત થયા છે. આ જ રીતે ઈટલીમાં મૃતકોની સંખ્યા ૨૧૫૮ થઇ ગઇ છે. જ્યારે અહીં ૨૭૯૮૦ લોકો આ બીમારીથી પીડિત છે. ૩૨૧૩ની સંખ્યાની સાથે મૃતકોનો આંકડો અત્યારે પણ ચીનમાં સૌથી વધુ છે.

પાકિસ્તાનમાં પણ એક જ દિવસમાં આ આંકડો ૧૮૩ સુધી પહોંચી ગયો છે. બીજીબાજુ સ્પેન, રૂસે પોતાની બોર્ડર સીલ કરી દીધી છે. જર્મનીએ પણ પોતાના ત્યાં પ્રતિબંધ મૂકી દીધા છે. કેનેડાએ પણ કેનેડિયન અને અમેરિકનોને છોડીને દુનિયાભરના નાગરિકો માટે પોતાની બોર્ડર સીલ કરી દીધી છે.

# શપથ લીધા બાદ જણાવીશ કે કેમ સ્વીકાર્યુ રાજ્યસભાનુ સભ્યપદઃ ગોગોઈ



*ન્યુ દિલ્હી,તા.૧૭*

સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર તરફથી સોમવારે મોડી સાંજે જાહેર કરવામાં આવેલા નોટિફિકેશનમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પૂર્વ ઝર્તે રંજન ગોગોઈને રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. અનેક નેતાઓ અને વિપક્ષી પાર્ટીએ રંજન ગોગોઈના નોમિનેશન પર સવાલ ઉઠાવ્યા હતા, ત્યારે હવે ખુદ તેમણે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે, તેઓ શપથ ગ્રહણ બાદ તેનો જવાબ આપશે.

અસમમાં પત્રકારો સાથે વાતચીતમાં જસ્ટિસ ગોગોઈએ જણાવ્યું કે, હું કદાચ બુધવારે દિલ્હી જઈશે. મને શપથ ગ્રહણ કરવા દો, પછી વિગતવાર મીડિયાને જણાવીશ કે, હું મેં કેમ રાજ્યસભાનું સભ્યપદ સ્વીકાર્યું.

જણાવી દઈએ કે, પૂર્વ CJI રંજન ગોગોઈનું દેશની સુપ્રીમ કોર્ટમાં ૧૩ મહિનાનો કાર્યકાળ રહ્યો હતો. તેઓ ૩ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ભારતના ૪૬માં ચીફ જસ્ટિસ બન્યા હતા. તેમણે ૧૭ નવેમ્બર ૨૦૧૯ના રોજ નિવૃતિ લીધી હતી. જસ્ટિસ ગોગોઈએ ૯ નવેમ્બર, ૨૦૧૯ના રોજ રામ મંદિર પર ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

### AT-1 પ્રકારના બોન્ડધારકોને હવે રાતી પાઈ પણ નહીં મળે

# યસબેંકના બોન્ડધારકોને રાતા પાણીએ નાહવાનો વારો આવ્યો...!

**બેંકને બચાવનાર રોકાણકારોના કહેવાથી ૮,૬૯૦ કરોડના બોન્ડની રકમ માંડવાળ કરી દેવાઈ..!**

*ન્યુ દિલ્હી,તા.૧૭*

ડૂબતા ડૂબતા બચાવી લેવાયેલી ખાનગી યસ બેંકના ખાતેદારોના ચહેરા પર મલકાટ હશે. કેમ કે જે પ્રતિબંધ નાણાં ઉપાડવાનો મૂકવામાં આવ્યો હતો તે દૂર થવા જઈ રહ્યો છે. પરંતુ આ બેંકના જેમણે વધારાના ટાયર-૧ પ્રકારના બોન્ડ ખરીધ્યા હતા તે અંદાજે ૮ હજાર કરોડના બોન્ડ હવે રાતોરાત ઝીરો થઈ ગયા છે...! આ બોન્ડધારકોને બોન્ડમાં કરેલા રોકાણનો એક રૂપિયો પણ મળવાનો નથી. કેમ કે સત્તાવાળાઓએ બેંકને બચાવવા અને દેવાની જવાબદારી ઓછી કરવા બોન્ડધારકોના આ બોન્ડની રકમ માંડવાળ(રાઈટ ઓફ) કરી નાંખી છે....! સાદા શબ્દોમાં કહીએ તો ૮ હજાર કરોડની કિંમતના બોન્ડધારકોને રાતા પાણીએ નવડાવી દેવામાં આવ્યાં છે. સરાર, રિઝર્વ બેંક કે એસબીઆઈ એમ કોઈએ પણ તેની જવાબદારી લીધી નથી.

સૂત્રોએ જણાવ્યું કે, સામાન્ય રીતે આ પ્રકારના બોન્ડને સુરક્ષિત એટલે કે બેંક ડૂબે તો પણ રકમ પરત મળશે એવી આશા રાખવામાં આવે છે. પરતું માંડવાળના નિર્ણયથી મોટી સંખ્યામાં રોકાણકારો આશ્ચર્યચકિત થઈ ગયા છે કારણ કે બોન્ડ્સ સામાન્ય રીતે ઈક્વિટી કરતા શ્રેષ્ઠ માનવામાં આવે છે, અને શેર છે ત્યારે બોન્ડ શા માટે માંડવાળ કરવા જોઈએ એવો પણ એક સવાલ થઇ રહ્યો છે.

જરૂરી કેપિટલ ફ્રેમવર્ક માટે યસ બેંક દ્વારા બે તબક્કામાં ઈશ્યુ થયેલ ટાયર-૧ બોન્ડ અંગે યસ બેંકને ખાડામાંથી બહાર લાવી રહેલ SBI બેંકના સત્તાવાળાઓએ પણ મૌન સેવ્યું છે. અને એવો દાવો કર્યો કે ૮૦૦૦ કરોડના ટાયર-૧ બોન્ડ અંગે અમારા પર યસ બેક્નું કોઈ દેવું નહીં.

ત્યારે રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસનું કહેવું છે કે બધા જ નિર્ણયો યસ બેંકના હિતમાં લેવામાં આવ્યા છે. પરંતુ ૮ હજાર કરોડની કિંમતના બોન્ડ અંગે સોમવારે આરબીઆઈના ગવર્નર શક્તિકંતા દાસે એવો ખુલાસો કર્યો કે, ૮ હજારની કિંમતના બોન્ડ માંડી વાળવા એ યસ બેક્ર અને રોકાણકારો વચ્ચેના કરારની શરતોને આધિન છે. એટલે કે બેંકને બચાવનારાઓ એસબીઆઈ સહિતના રોકાણકારોએ આ ૮ હજાર કરોડના બોન્ડની રકમ બોન્ડધારકોને પરત ચૂકવવાની કોઈ જવાબદારી લીધી નથી અને જેમની પાસે યસ બેંકના આ પ્રકારના બોન્ડ છે તેમની કિંમત હવે શૂન્ય થઈ ગઈ છે અને તેમને હવે તે પેટે ફૂટી પાઈ પણ રાણાકપૂરની બેંક પાસેથી મળી શકે તેમ નથી.

# પાકિસ્તાનની અવળચંડાઈઃ માનકોટ-માંઢેર સેક્ટરમાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું

*શ્રીનગર,તા.૧૭*

પાકિસ્તાન તેની નાપાક હરકતોથી બાજ નથી આવી રહ્યું. મંગળવારે સવારે ફરી એકવાર સીઝ ફાયરનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મંગળવારે સવારે છ વાગ્યે પાકિસ્તાની સેના તરફથી મોર્ટારથી હુમલો થયો હતો. આ હુમલા સરહદની પાસે આવેલ માનકોટ અને માંઢેર સેક્ટરમાં કરવામાં આવ્યા છે.

પાકિસ્તાન આ વિસ્તારોમાં રહેણાંક વિસ્તારોથી લઈને મોર્ટાર એટેક સુધી સતત ફાયરિંગ કરી રહ્યું છે. આ હુમલાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી.

પાકિસ્તાની સેના જમ્મુ-કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર અને એલઓસી પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરતી રહે છે. જેને ભારતીય સેના દ્વારા સતત જડબાતોડ જવાબ આપવામાં આવે છે. હવે ભારતીય સેનાએ પાકિસ્તાનને પાઠ ભણાવવા એન્ટી-ટેક્ર ગાઈડેડ મિસાઈલનો ઉપયોગ કર્યો છે.

ભારતીય સેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર કુપવાડા સેક્ટરની સામે સ્થિત પાકિસ્તાની સૈન્ય ચોકીઓને નિશાન બનાવવા માટે સૈન્ય સૈનિકોએ તાજેતરમાં એન્ટિ ટેક્ર ગાઈડેડ મિસાઈલોનો ઉપયોગ કર્યો હતો. આતંકવાદીઓને ભારતમાં ધકેલવા પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ફાયરિંગના જવાબમાં ભારતીય સેના દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

### સુપ્રિમ કોર્ટમાં કેન્દ્ર સરકારનો જવાબ

# નાગરિકતા કાયદો કોઇ પણ મૌલિક અધિકારનું ઉલ્લંઘન કરતો નથી

*ન્યુ દિલ્હી,તા.૧૭*

નાગરિકતા સંશોધન કાયદા (CAA)ની બંધારણીયતાને પડકારી અરજી પર કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ આપ્યો હતો. કેન્દ્ર સરકારે કહ્યું કે, આ કાયદો કોઈ પણ મૌલિક અધિકારનું ઉલ્લંઘન કરતો નથી અને તેનાથી બંધારણીય નૈતિકતાનું ઉલ્લંઘન થવાનો કોઈ સવાલ ઉઠતો નથી. સીએએ કેન્દ્ર મનમાની કરી શકે તેવી સત્તા નથી આપતો, નાગરિકતા આ કાયદા હેઠળ નિર્દેશિત નિયમો પ્રમાણે આપવામાં આવશે.ઉલ્લેખનીય છે કે કોર્ટમાં સીએએને પડકારતી ૧૬૦થી વધુ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. અરજીકર્તાઓએ રાજસ્થાન અને કેરળ સરકાર પણ છે. મોટાભાગની અરજીઓમાં કહેવામાં આવ્યું છે કે, આ કાયદો બંધારણની આત્મા વિરુદ્ધ છે. આ ઉપરાંત બંધારણના ધર્મનિરપેક્ષતાનું ઉલ્લંઘન કરે છે. ૨૨ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાં તેની સુનાવણી થઈ હતી અને કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી હતી અને જવાબ દાખલ કરવા કહ્યું હતું.નાગરિકતા સંશોધન કાયદો, ૨૦૧૯ પ્રમાણે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં ધાર્મિક ઉત્પીડનના કારણે ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ સુધી ભારત આવેલા અલ્પસંખ્યક હિંદુ, સિખ, બૌદ્ધ, ઈસાઈ, જૈન અને પારસી સમુદાયના લોકોને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટિની ઓનલાઇન ટિકિટ બંધ કરાઇ

# કોરોના વાયરસનો ડરઃ રાજ્યના તમામ પર્યટન સ્થળો બંધ

*ગાંધીનગર,તા.૧૭*

કોરોના વાયરસને વૈશ્વિક મહામારી જાહેર કર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા શાળા-કોલેજો, સિનેમાઘરો સહિતની જાહેર સ્થળ બંધ કરવાની જાહેરાત કરી છે. ત્યારે કોરોના વાઇરસને લઈ સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટિકિટ ઓનલાઈન બંધ કરવામાં આવી છે. તેમજ જંગલ સફારી આજથી પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. ગુજરાતના શક્તિ પીઠ અંબાજી મંદિર ખાતે કોરોના વાયરસને લઈ આજે વહેલી સવારથી અંબાજી મંદિરના ૭, ૮ અને ૯ નંબર ગેટ યાત્રિકો માટે બંદ કરાયા છે. તો બીજી તરફ જૂનાગઢમાં શક્કરબાગ પ્રાણી સંગ્રહાલયને પણ પ્રવાસીઓ માટે બંધ કરવાનો તંત્રએ નિર્ણય લીધો છે. ભાવનગરના વેળાવદરમાં આવેલું રાષ્ટ્રીય ઉધાન બંધ કરવામાં આવ્યું છે.

કોરોના વાયરસને પગલે સ્ટેચ્યૂ ઑફ યૂનિટિની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે ખુલ્લું તો રાખવામાં આવ્યું છે. પરંતુ વ્યુઈંગ ગેલેરીની ઓનલાઇન ટિકિટ બુકિંગ બંધ







કરી દેવામાં આવ્યું છે. તો બીજી તરફ સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક બનેલું સરદાર પટેલ ઝૂઓલોજી પાર્ક, આબંરડી લાયન સફારી પાર્કને આજથી પ્રવાસીઓ માટે ૨૯ માર્ચ સુધી બંધ કરાયા છે.

જો કે, તંત્ર દ્વારા માત્ર સ્ટેસ્યુ ઓફ યુનિટિ ખાતે જંગલ સફારી પાર્ક બંધ કરવામાં નથી આવ્યો. તંત્ર દ્વારા અમદાવાદના કાંકરિયા લેકફ્રન્ટ સહિત કાંકરિયા ઝુ આગામી ૨૯ માર્ચ સુધી બંધ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભાવનગરના વેળાવદરમાં આવેલું રાષ્ટ્રીય ઉધાન બંધ રહેશે. કોરોના વાયરસની અસરના પગલે તેમજ સરકારના આદેશ બાદ વનવિભાગ દ્વારા ૧૭ માર્ચથી ૨૯ માર્ચ સુધી કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યું છે.ગુજરાતના શક્તિ પીઠ અંબાજી મંદિર ખાતે આજે વહેલી સવારથી અંબાજી મંદિરના ૭, ૮ અને ૯ નંબર ગેટ યાત્રિકો માટે બંધ કરાયા છે. યાત્રીકોને શક્તિ દ્વારથી પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જયાં જીઆઈએસના ગાર્ડ સહિત કર્મચારીઓ મોઢા પર માસ્ક પહેરીને ફરજ બજાવતા જોવા મળ્યા હતા. માઈ ભક્તો અંબાજી મંદિર ખાતે માત્ર એક ગેટથી જ પ્રવેશ કરી શકશે. અહીં હાથ ધોઈને માઈ ભક્તો પ્રવેશ કરતા જોવા મળ્યા હતા.

કોરોના વાયરસના પગલે ગુજરાત સરકાર દ્વારા પાટણની રાણીની વાવ પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવી છે. ૧૦૦ની નોટમાં સ્થાન પામેલ વર્લ્ડ હેરિટેજ રાનીની વાવ ૩૧ માર્ચ સુધી પર્યટકો માટે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.



કોરોના વાઈરસને પગલે સાવચેતીના ભાગરૂપે પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વડોદરા કોર્ટમાં પ્રવેશ કરતા વકીલો અને પક્ષકારોનું ટેમ્પરેચર માપવામાં આવ્યું હતું. જોકે આરોગ્ય વિભાગની ટીમ માત્ર એક જ ટેમ્પરેચર ગન લઈને ગઈ હોવાથી તેની બેટરી વારંવાર ઉતરી જતી હતી. જેથી ટેમ્પરેચર માપવામાં ખુબ મુશ્કેલી પડી રહી હતી.

## ભરતસિંહને દબાણ કરાશે તો,કોંગ્રેસ મુક્ત ગુજરાતની આશંકા...?

ગુજરાતમાં રાજયસભાની ચૂંટણીમાં કોંગ્રેસ બે બેઠકો જીતી શકે તેમ નથી એમ લાગતા કોંગ્રેસની નેતાગીરીએ બે ઉમેદવારો પૈકી ભરતસિંહ સોલંકીને ઉમેદવારી પાછી ખેંચવાનો આદેશ આપે તેમ જાણા મળે છે. જો કે સોલંકીએ નારાજગી દર્શાવતા સોલંકી અને બીજા ઉમેદવાર શક્તિસિંહ ગોહિલને હાઇકમાન્ડ દ્વારા દિલ્હી બોલાવવામાં આવ્યાં હોવાનું પણ ચર્ચાતુ હતું. કાલે ૧૮મીએ ઉમેદવારી પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે.સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, વિધાનસભાના સભ્યોની સંખ્યાના ગણિત પ્રમાણે કોંગ્રેસ બે બેઠકો જીતી શકે તેમ નથી. કોંગ્રેસના ૫ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે. કોંગ્રેસના સહયોયગી એનસીપીના એક માત્ર ધારાસભ્યે ભાજપને વોટ આપવાની જાહેરાત કરી છે. તેથી કોંગ્રેસે સોલંકીને ઉમેદવારી પરત ખેંચવાનું કહેતા તેઓ આડા ફાટ્યા હોવાનું કહેવાય છે. અને બન્નેને દિલ્હી બોલાવ્યાં હોવાનું કહેવાય છે.

દરમ્યાન, કોંગ્રેસના સૂત્રોએ એમ પણ કહ્યું કે કોંગ્રેસ છોડીને રાજીનામુ આપનાર જે.વી. કાકડિયાના પત્નીએ કરેલો દાવો કે ભરતસિંહના કહેવાથી તેમના પતિએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું છે. કાકડિયાની પત્નીએ એવો દાવો કર્યો કે તેમના પતિએ ભરતસિંહને ફોન કરીને પૂછ્યું હતું કે પક્ષમાંથી રાજીનામુ અપાય કે નહીં, તેના જવાબમાં ભરતસિંહે એવો જવાબ આપ્યો કે ઉગત.। સૂર્યને પૂજાય. અને તેમના આ ઈશારાના પગલે તેમના પતિએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું છે. આટલો ગંભીર આરોપ છતાં ઙરતસિંહ તરફથી તેનો કોઇ ખુલાસો કરાયો નથી.

સૂત્રોએ કહ્યું કે વાસ્તવમાં કોંગ્રેસમાંથી નરહરિ અમીન ભાજપમાં ગયા ત્યારે કહેવાય છે કે ભરતસિંહ પણ તેમની સાથે તૈયાર થયા હતા. અને અડધે સુધી અમીનની સાથે ભાજપ કાર્યાલય-ખાનપુર જવા રવાના થયા. જો કે તેની જાણ અન્ય સિનિયર નેતાઓને થતાં તેમને અધવચ્ચેથી સંમજાવીને પાછા લાવવામાં આવ્યાં હતા. આમ ભાજપમાં જવાની તેમની ઈચ્છા તો રહેલી જ છે અને જો તેઓ બળવો ના કરે અને નેતાઓના સસમજાવવાથી ઉમેદવારી પરત ખેંચી લે તો પણ પાર્ટીમાં સંગઠનમાં કોઇ મોટો હોદ્દો આપવાની વાત મૂકે. કેમ કે તેઓ જાણે છે કે કોંગ્રેસને હાલમાં તેમના કરતાં ગોહિલની વધારે જરૂર છે.

સૂત્રોએ કહ્યું કે જોવાનું એ રહે કે માધવસિંહ સોલંકી પરિવારના ભરતસિંહ પક્ષનું નાક કેટલી હદે દબાવીને રાજકિય લાભ મેળવે છે.

### કાંધલને કોંગ્રેસને વોટ આપવા વ્હીપ-મેન્ડેટ અપાશેઃ એનસીપી નેતા વાઘેલા

## કાંધલ જાડેજાની જાહેરાતઃ રાજ્યસભામાં ભાજપને વોટ આપશે

*ગાંધીનગર,તા.૧૭*

ગુજરાતમાં રાજ્યસસભાની ચૂંટણીમાં એનસીપીના એક માત્ર ધારાસભ્ય કાંધલ જાડેજાએ કોંગગ્રેસને નહીં પણ ભાજપને વોટ આપવાની કરેલી જાહેરાતના સંદર્ભમાં એનસીપીના ગુજરાતના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ભારપૂર્વક કહ્યું કે અમારા ધારાસભ્યને કોંગ્રેસની તરફેણમાં જ વોટ આપવાનો વ્હીપ અને મેન્ડેટ અપાશે. અને જો તેનું ઉલ્લંઘન કરશે તો નિયમાનુસાર કાંધલ જાડેજાની સામે પક્ષ દ્વારા કડક પગલા લેવામાં આવશે.



એનસીપીના કુતિયાણાના ધારાસભ્ય જાડેજાએ આજે મિડિયા સમક્ષ જાહેર કર્યું કે ૨૦૧૭ની રાજ્યસભાની ચૂંટણીમાં પણ તેમણે ભાજપને વોટ આપ્યો હતો અને । વખતે પણ તેઓ ભાજપના ઉમેદવારને જ વોટ આપશે.

તેમની આ જાહેરાતના પગલે તરત જ એનસીપી નેતા વાઘેલાબાપુએ જાહેર કર્યું કે પાર્ટી નિયમોથી ચાલે છે અને પાર્ટી કોંગ્રેસ સાથે સહયોગમાં છે ત્યારે ગુજરાતમાં પણ અમારી પાર્ટીએ કોંગ્રેસને વોટ આપવાનું નક્કી કર્યું છે.

ગુજરાત વિધાનસભામાં અમારા પક્ષના ધારાસભ્ય કાંધલને કોંગ્રેસની તરફેણમાં જ વોટ આપવા વ્હીપ અને મેન્ડેટ અપાશે. પક્ષના નિયમાનુસાર તેના ઉલ્લંઘન બદલ પક્ષમાંથી સસ્પેન્ડ કરવા સુધીની જોગવાઇ હોય છે.



પૂર્વ ભારતીય કેપ્ટન એમ.એસ ધોનીનો બાઈક પ્રેમ કોઈનાથી છૂપાયેલો નથી. ધોની રાંચીમાં પહોંચીને બાઈકની સવારી ન કરે એવું ભાગ્યે જ બનતું હોય છે. કોરોના વાયરસના કારણે ઈન્ડિયન પ્રીમિયર લીગ પોસ્ટપોન્ડ થયા બાદ ચેન્નાઈ સુપર કિંગ્સના ટ્રેનિંગ કેમ્પ બંધ થતા ધોની સોમવારે રાંચી પહોંચી ગયો. ઘરે પહોંચતા જ તેણે બાઈકની સવારી કરી અને બેડમિન્ટન રમવા પહોંચ્યો. આ દરમિયાનનો વિડીયો વાયરલ થયો છે.

## લલિત કગથરાનો દાવોઃ ભાજપના ત્રણ ધારાસભ્યો કોંગ્રેસના સંપર્કમાં

*જયપુર,તા.૧૭*

રાજ્યસભાની ચૂંટણીમાં ત્રીજી બેઠક જીતવા માટે મરણિયા બનેલા ભાજપના નેતાઓએ કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની શરૂ કરેલી પ્રવૃત્તિને કારણે સોમવારે શરૂ થનારી વિધાનસભાની બેઠક ભારે તોફાની બની રહેવા સંભવ છે. જો કે કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને ત્રણ પાર્ટમાં રાજસ્થાન ભેગા કરી દીધા છે. ત્યારે ઘરમાં એક બાજુ ભંગાણ ચાલતું હોય ત્યારે તેને બચાવવા માટે કોંગ્રેસના ધારાસભ્યો મરણિયા પ્રયાસ કરી રહ્યા છે. હાલ કોંગ્રેસના ધારાસભ્ય લલિત કગથરાએ એક મોટો દાવો કર્યો છે.

કોંગ્રેસના ધારાસભ્ય લલિત કગથરા એક મોટો દાવો કરીને રાજનીતિમાં ભૂકંપ લાવી દીધો છે, પરંતુ તેમના દાવામાં કેટલી સચ્ચાઈ છે એતો આવનારો સમય જ બતાવી શકે તેમ છે. કોંગ્રેસના ધારાસભ્ય લલિત કગથરાએ જણાવ્યું છે કે, ભાજપના ત્રણ ધારાસભ્યો અમારા સંપર્કમાં છે, જે ક્રોસ વોટિંગ કરીને ભાજપનું ગણિત બગાડી શકે છે. બીટીપીના મત ભાજપને જ મળશે તેવુ ચર્ચાઈ રહ્યું છે, પરંતુ એવું કંઈ નથી. બીટીપીના મત અમને પણ મળી શકે છે અને આખી બાજી પલટાઈ શકે છે.



યુપીના મિરઝાપુરમાં આવેલા હનુમાન મંદિરમાં ગઈકાલે પુજારીઓએ કોરોના વાયરસના સંક્રમણને સમાપ્ત કરવા માટે પ્રાર્થના કરી હતી. તેઓએ સંક્રમિત લોકોને વહેલી તકે સ્વસ્થ થઈ જાય તેવી પણ પ્રભુ સમક્ષ પ્રાર્થના કરી હતી. તસ્વીરમાં માસ્ક લગાડીને પ્રાર્થના કરી રહેલા પુજારીઓ નજરે પડે છે.

## તોડોના વાયરસ ગુજરાતમાં..... પાચ કોગ્રેસીઓનો ભોગ લેવાયો......!!

(જીએનએસઃ હર્ષદ કામદાર)

ગુજરાતમાં કોંગ્રેસ પક્ષે રાજયના નાણાંમંત્રી નિતીન પટેલને કરેલી મુખ્યમંત્રી બનાવવાની ઓફરની અસર હાલમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ભારે પડી રહી છે.... એક તરફ કોરોના વાઇરસે દુનિયાભરના દેશોને ફફડાવી દીધા છે. ત્યારે ×તોડોના× વાયરસને લઈને ગુજરાત કોંગ્રેસમાં ફફડાટ વ્યાપી ગયો છે.....! તોડોના વાઇરસ કોંગ્રેસના ધારાસભ્યોને કોઈ અસર નહીં કરે તેવા વિશ્વાસમાં રાચતા કોંગ્રેસના રાજનેતાઓ ખતા ખાઈ ગયા છે. કોંગ્રેસમાંથી ચાર ધારાસભ્યોએ ધારાસભ્ય પદેથી રાજીનામા અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીને હાથોહાથ આપી દીધા છે અને અધ્યક્ષશ્રીએ તેનો સ્વીકાર પણ કરી લીધો. જેથી કોંગ્રેસને માટે રાજયસભાની એક બેઠકથી સંતોષ માનવો પડશે. આમ છતાં પાંચમા ધારાસભ્ય ભાજપામાં જવાની તૈયારી કરી રહ્યા છે..... પણ તેમની શરત છે કે ભાજપા મારા વિસ્તારના પ્રજાના કામો કરે તો ભાજપા સાથે જઈશ... અને આ બધામાં આજની તારીખે પણ ભાજપાના રાજનેતાઓ કોંગ્રેસ પર નજર રાખી રહ્યા છે.....

નોંધનીય બિના એ હતી કે વિધાનસભાનું ગૃહમાં આવેલ પોડીયમમા ગૃહ ચાલુ હોય ત્યારે રાજયભરમાંથી ગૃહની કાર્યવાહી જોવા માટે લાવવામાં આવતાં લોકો ભારે કોલાહલ કરતા રહેતા હતા... તેમાં પણ મહિલાઓની સંખ્યા વધુ પ્રમાણમાં રહેતી હતી. પરંતુ કેન્દ્ર સરકારના કોરોના વાઈરસને લઈને અપાયેલા આદેશ બાદ ગુજરાત સરકારે પણ તેનો અમલ સોમવારથી શરૂ કરી દીધો છે. એટલે રાજયભરની શાળા-કોલેજો ૩૦ માર્ચ સુધી નહિ ખુલે, તો જાહેર કાર્યક્રમો પણ રદ્દ કરી દેવામાં આવ્યા છે. અને વિધાનસભામાં પણ લોકોને ન લાવવા સુચના અપાઇ જતા... ટોટલી પોડીયમમા શાંતિ છવાઈ ગઈ છે.. ત્યારે વિધાનસભા ગૃહની પ્રેક્ષક ગેલેરી પણ ખાલી રહે છે... આંગળીના વેઢે ગણાય તેટલા મુલાકાતે આવનારા ગૃહની ચર્ચાની મજા માણે છે. કોરોના વાઈરસને કારણે રાજયની પ્રજા જાગૃત થઈ ગઈ છે તે એક વાત સ્પષ્ટ દેખાઈ આવે છે. લોકો ગંદકી કરવાથી દુર રહે છે, કચરો રસ્તા પર ફેંકવાથી દૂર રહે છે, જ્યાં ગંદા પાણી પણ જાહેરમા ફેકતા નથી. વિધાનસભા ખાતે આમ પ્રજા માટે નીચેના ભાગે કેન્ટીન આવેલી છે જ્યા મુલાકાતીઓને લઈને ભારે ભીડ રહેતી હતી... તો કોલાહલ પણ મોટા પ્રમાણમાં થતો હતો... તેનો આજે એટલે કે સોમવારે તદ્દન અભાવ હતો. કેન્ટીનમાં વિધાનસભા કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓજ જોવા મળતા હતા. મતલબ કોરોના વાઈરસથી બધા જાગૃત થઈ ગયા છે. તેમ અહીના માટે કહી શકાય. જો કે વિશ્વભરમાં કોરોના વાયરસના કારણે દોઢ લાખ ઉપરાત કેસો નોંધાયા છે. જેમાં સૌથી વધુ મૃત્યુ ઈટાલીમા થયા છે, તો ચીન બીજા ક્રમે છે, અને ઈરાન ત્યાર પછી આવે છે. જોકે ચીને અનેક શહેરો અને ગામોને લોકઆઉટ કરી દીધા છે, તો ઈરાને પણ એ જ કર્યું છે. અને ઈટાલીમાં પણ લોકોને ઘર બહાર નિકળવાની મનાઈ છે. ત્યારે ભારતમાં સરકારે લીધેલા પગલાં લઈને કોરોનાએ માથું નથી ઉચક્યુ પરંતુ જો થોડી પણ ગફલત થાય તો કોરોના અનેકને ભરડામાં લઈ લે તેવો ડર છે......!

રાજયસભા માટે એવા નવ ઉમેદવારો જુદા જુદા પક્ષમાંથી ઊભા છે કે તેઓ ખરેખર તો બધા મૂળ કોંગ્રેસના છે. ભાજપામાં જે ચાર અનુભવોએ ઉમેદવારી નોંધાવી તે ચારે ચાર મૂળ કોંગ્રેસના છે.દરમિયાન વિધાનસભા પ્રશ્નોત્તરીકાળમાં પ્રદીપસિંહજીએ કોમેન્ટ કરતા જ મામલો ગરમાયો હતો કોંગ્રેસના જે ચાર ધારાસભ્યોએ ધારાસભ્ય પદેથી રાજીનામા આપી દીધા તેના પર ભારે એક બીજા સભ્યોએ કોમેન્ટ કરી હતી. તો પંદર- પંદર માં લઇ ગયા અને ઘરના રહી ગયા જેવી પણ કોમેન્ટ થઈ હતી. જયારે ડોક્ટર આશાબેને આ બાબતે પોતાની અગાઉની ભડાશ પણ કાઢી નાખી હતી. પ્રદિપસિંહ અને નીતિન પટેલે પોતાના સભ્યોને સાચવવા કોંગ્રેસને સલાહ આપી હતી. મામલો વધુ ગરમ થાય તે પહેલા અધ્યક્ષશ્રી એ કહી દીધું કે આ પ્રશ્નોત્તરી નો સમય છે એટલે આ બાબતની કોઇ ચર્ચા રેકોર્ડમાં લેવામાં નહીં આવે.... ત્યારબાદ શાંતિ સ્થપાતા પ્રશ્નોત્તરી આગળ વધી હતી.

# બકાના ગતકડાં (વ્યંગ કથા)

સવાર સવારમાં સોસાયટીના રોડ ઉપર લાંબી ડોકે આંટા મારતાં પાનાચંદ પવાલીને બકાએ પૂછ્યું :×શું છે બોસ ,આજ સવાર સવારમાં આમ ?×

પાનાચંદ બકાનો પડોશી. સવાર સવારમાં પવાલી ભરીને ચા ના પીવે ત્યાં સુધી એની સવાર ના પડે એવી એના વિશેની વાયકા. એટલે તો એનું ઉપનામ પવાલી પડી ગયેલું.

×અરે યાર... એવી ચાની તલબ લાગી છે... સાલો દૂધવાળો હજી નથી આવ્યો.×

×વેરી સિમ્પલ .એને ફોન કરો. અરજન્ટ દૂધ આપી જા. મહેમાન આવ્યાં છે. એમ પાછી એની સર્વિસ સારી છે.×બકાએ ઉપાય સૂઝાડયો.

×પણ મારો ફોન તો ઘરે છે.×.×પાનચંદે લાચારી બતાવી. આખી સોસાયટીનો એક જ દૂધવાળો હતો.બકાએ તરત ફોન લગાડ્યો.સામે છેડે ફોનમાં ખાંસીનો અવાજ સંભળાયો અને પછી કોઈ બેન કોરોના વાઈરસ થી બચવા વિશે માહિતી આપવા લાગ્યાં.

×બોલો આ ફોનમાં તો કોરોના વાયરસ નો મેસેજ આવે છે. ફોન તો લાગતો જ નથી .×

ધીમે ધીમે મગન, સલ્લુ, ચુનીકાકા,આલુ ,ગુપ્તા, ઐયર બધાં ભેગા થઈ ગયા. બધાએ દૂધવાળાને ફોન કર્યો. બધાના ફોનમાં એ જ રીતે કોરોના વાયરસનો મેસેજની કેસેટ વાગે. દૂધ વગર કરવું શું ?છેવટે સ્કૂટર ઉપર બકો અને સલ્લુ દૂધની શોધમાં નીકળ્યાં.

પહેલાં પહોંચ્યાં દૂધવાળાની દુકાને. દુકાન એટલે એક જગ્યા જ્યાં વહેલી પરોઢે દૂધનો ખટારો આવે અને નક્કી કર્યા મુજબની સંખ્યા માં દૂધના પાઉચ ભરેલાં ક્રેટ ઉતારી દે. લોકો ત્યાં આવીને દૂધ લઈ જાય. જેણે દૂધ બંધાવ્યું હોય એના ઘરે જઈ દૂધવાળો દૂધ આપી આવે. સાડા સાત-આઠ વાગતાંમાં તો એ જગ્યાએ દૂધ, દૂધના ક્રેટ કે દૂધવાળો કોઈ જોવા ના મળે.!

જઈને જોયું તો કોઈ ચકલું ય નહીં .

×આઈ લા... ઈધર તો કોઈ નહીં હૈ...× સલ્લુએ સલમાનખાનનો ડાયલોગ માર્યો. સલમાનનો વહેમ મારવામાં જ તો એનું ઉપનામ સલ્લુ પડી ગયેલું.

હવે આજુબાજુના દૂધના પાર્લરો તપાસવાના હતાં.

બેય જણા ઝટપટ નજીકના ગાર્ડને પહોંચ્યા.સ્કૂટર પાર્ક કર્યું.

દરવાજે ચોકીદારે અટકાવ્યા.

×ગાર્ડન બંધ હૈ.×

×ક્યોં ? ક્યોં બંધ હૈ ? અરે ભાઈ દૂધ લેના હૈ ...×

×ખુદ હી પઢ લો .બોર્ડ લિખા હૈ.× ચોકીદારે આંગળી ચીંધી.

બકાએ મોટેથી વાંચ્યું ; 'આથી જાહેર જનતાની સલામતીને ધ્યાને રાખતાં કોરોના વાયરસથી ઉતપન્ન થયેલી પરિસ્થિતિને કારણે જાહેરસ્થળો બંધ રાખવાના હુકમની અમલવારી સારું બીજી સૂચના ન મળે ત્યાં સુધી આ બગીચો બંધ રહેશે જેની સહુએ નોંધ લેવી.'

×અરે મગર બગીચે મેં આઈસ્ક્રીમ પાર્લર હૈ. વહાં દૂધ મિલતા હૈ. ઉસકા કયા ? હમેં નહીં જાને દેના હૈ તો તુમ દૂધ લા દો ભાઈ.×

×અરે બાબા સબ બંધ હૈ. પાર્લર ભી બંધ. લાફિંગ કલબ ભી બંદ. યોગા કલાસ ભી બંદ. કોઈ અંદર નહીં જા સકતા.×

હવે મોલમાં દૂધ શાક બધું મળતું હોય એટલે ત્યાં જવા નીકળ્યાં. અડધા રસ્તે એક રબારીવાસ જોયો. દૂધ દોહતાં જોઈ બકાએ કહ્યું :×અહીંથી દૂધ લઈ લેવું છે ?×

×અરે નહીં...×

×કેમ ?×

×એક તો ઈસકે પાસ તીસ લીટર દૂધ હોગા નહીં. દૂસરા હમારે પાસ બરતન કહાં હૈ ? ઔર મોસ્ટ ઈમ્પોર્ટન્ટ બાત હૈ કોરોના સે પ્રિકોશન. ઐસી ખુલ્લી જગામે સે દૂધ લેના ખતરા હો સકતા હૈ.×

બકાએ માથું ખંજવાળ્યું. થોડેક જ આગળ ગયા કે સ્કૂટર બંધ. કેટલી કીકો મારી. મારું બેટું ચાલુ જ ના થાય.

×બકા પેટ્રોલ નહીં હૈ કયા ?×

×અરે હોય ?ગઈકાલ સાંજે જ બસો રૂપિયાનું પેટ્રોલ પુરાવ્યું છે.×

×જરા ચેક તો કર લો.×

×લે ભાઈ જોઈ લે. તનેય વિશ્વાસ નથી આવતો...×

પેટ્રોલની ટાકીમાં નજર કરતાં બકાની આંખો ફાટી જ રહી ગઈ... ટીપુંય પેટ્રોલ નહીં !!!

મિકેનિકને ફોન લગાડતાં જ વળી એનો એ ખાંસીવાળો મેસેજ સાંભળીને મન ખાટું થઈ ગયું.

છેવટે ચાલતાં ચાલતાં બેય જણા મોલ ઉપર પહોંચ્યાં.

×સલ્લુ આજ તો ભીડ નથી. હાશ જલ્દી જલ્દી પેમેન્ટ કરીને નીકળી શકીશું.×

દરવાજે જ સિક્યુરિટી ગાર્ડે અટકાવ્યા.

×ભાઈ દૂધ લેવું છે. અંદર જવા દો ×

×આજ ક્યોં ભીડભાડ નહી હૈ ? ×

×અરે સાબ આપકો માલુમ નહી હૈ ?કોરોના વાઈરસ ફૈલને સે રોકને કે લિયે સરકારને સારે મોલ બંધ કરવા દીયે હૈં. હમારા મોલ ભી બંદ હૈં.× કોરોના એ તો ભારે કરી...

મોકાણના સમાચાર આપવા બકાએ ઘરે ફોન કર્યો. વાત કરવાની ઉતાવળને વળી પાછો ખાંસીવાળો કોરોનાનો મેસેજ નડ્યો.સામેથી શ્રીમતીજીનો અવાજ સંભળાયો :×અરે ક્યાં છો ? આ દસ વાગ્યાં ... ઓફિસે જવાનું છે કે નહીં ?×

×સાંભળ દૂધવાળાને ત્યાં તો દૂધ ખલાસ થઈ ગયું હતું. ને બીજે ક્યાંયથી મળ્યું નથી. દૂધ મળ્યું નથી એ સમાચાર બધાને આપી દેજે.×

×તમે ઘરે આવી જાવ એટલે પત્યું. દૂધવાળાનું બાઇક બગડી ગયું હતું એટલે એ બિચારો છેક નવ વાગ્યે આવીને દૂધ આપી ગયો.જમવાનું તૈયાર છે. તમે પહેલાં ચા પીશો કે જમીને પછી ચા પીશો ?×

×અરે યાર...તારા હાથની ચા એક બાજુ ને બીજું બધ્ધુ એક બાજુ.×

બરાબર એ જ વખતે રીક્ષા બાળકોની એક રેલી પાસેથી પસાર થઈ. બકાએ રેલીમાં બોલાતા નારા સાંભળ્યા. રિક્ષાની બહાર ડોકું કાઢીને ય સાંભળ્યા.ને પછી સલ્લુને પૂછ્યું:×સલ્લુ આ લોકો શું બોલે છે ?કોરોના ગો કે કરોના ગો...?×

×અરે નહીં વો પહેલે દો અક્ષર ઔર પીછલે દો અક્ષરો કો અલગ અલગ બોલ રહે હૈં.×

પછી તો એનેય લાઈટ થઈ. અને બેય જે તાળીઓ દઈ દઈને હસ્યાં છે કાંઈ...

નિયુતા વ્યાસ-કુંચાલા.અમદાવાદ

# જિલ્લામાં બાળ કલ્યાણક્ષેત્રે કામ કરતી સંસ્થાએ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ હેઠળ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત

મોડાસા-મંગળવાર, અરવલ્લી જિલ્લામાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ ની કલમ-૨(૧૪) મુજબ કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળક એટલે કે "કોઈપણ બાળકો જે રહેઠાણ વગરના મળી આવેલ હોય, જીવન નિર્વાહના સાધનો વગર મળી આવેલ હોય, બાળ મજુર હોય અથવા ભિક્ષાવૃત્તિ કરતા હોય તેવા બાળકો, રસ્તા પર રહેતા હોય તેવા બાળકો, બાળક કોઈ વ્યક્તિ સાથે રહેતો હોય ભલે તે વ્યક્તિ બાળકનો વાલી હોય કે ન હોય તેના દ્વારા બાળકને મારેલ હોય, શોષણ કરેલ હોય, દુરૂપયોગ કરેલ હોય અથવા બાળકને ધીક્કારેલ હોય, બાળકને મારી નાખવાની, ઈજા કરવાની, ધમકી આપેલ હોય અને તેનો અમલની વ્યાજબી સંભાવના હોય, બાળકને મારી નાખેલ હોય અથવા મારી નાખશે, ધીક્કારશે અને શોષણ કરશે તેવી વ્યાજબી સંભાવના હોય, માનસિક અથવા શારીરિક રીતે વિકલાંગ હોય, માતાપિતા બાળકોને રાખવા માટે અસક્ષમ હોય, બાળક અનાથ હોય કે સંભાળ લેનાર કોઈ ન હોય, ત્યજાયેલ, સમર્પિત થયેલ, ગુમ થયેલ કે ભાગી ગયેલ બાળકો મળી આવેલ હોય, નશામાં અથવા ગેરકાયદેસર વ્યવસાયમાં જોડાય તેવી સંભાવના હોય, કુદરત કે માનવસર્જિત આપત્તિનો ભોગ બનેલ હોય તેવા બાળકોને કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકો કહેવામાં આવે છે" તેમજ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ ની કલમ-૨(૧૩) મુજબ કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકો એટલે એવા બાળકો કે જેમણે કોઈ ગુનાહિત કૃત્ય કર્યાનો આક્ષેપ હોય અથવા કૃત્ય કરતા પકડાયેલ હોય અને તે બાળકે ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરેલ ન હોય.

જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫ ની કલમ ૨(૧૩) અને ૨(૧૪) મુજબના તમામ બાળકોને સંસ્થાકીય સેવાઓ આપતી અથવા આપવા માગતી સસ્થાઓએ કાયદાની કલમ ૪૧(૧) મુજબ તેમની સંસ્થાની નોંધણી કરાવવી અને માન્યતા લેવી જરૂરી બને છે. જો કોઈ સંસ્થાએ નિશ્ચિત સમયમાં માન્યતા મેળવેલ નથી અને તે સંસ્થા કાયદાની કલમ ૨(૧૩) અને ૨(૧૪) મુજબના બાળકોને રાખી રહી છે તો તેને જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ ની કલમ-૪૨ મુજબ ૧ વર્ષ સુધીની કેદ અથવા એક લાખથી ઓછી ન હોય તેટલો દંડ અથવા બંને થવાને પાત્ર છે તથા જો ૩૦ દિવસમાં રજીસ્ટ્રેશન માટે અરજી ન કરે તો અલગથી સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.આથી જિલ્લામાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ ની કલમ ૨(૧૩) અને ૨(૧૪) મુજબના તમામ બાળકોને સસ્થાકીય સેવાઓ આપતી હોય અને રજીસ્ટ્રેશન બાકી હોય અથવા જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ ની કલમ ૨(૧૩) અને ૨(૧૪) મુજબના બાળકોને સંસ્થાકીય સેવાઓ આપવા માટે કાર્ય કરવા માંગતી હોય તેવી સંસ્થાઓએ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ માં જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, બ્લોક છ, ભોંયતળીયુ, રૂમ નં. છ/૫/૦૪ ખાતે નિયત ફોર્મમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજીસ્ટ્રેશન ફોર્મ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીએથી રૂબરૂમાં મળી શકશે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ-૨૦૧૫ ની કલમ ૪૧(૧) મુજબ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે એમ સભ્ય સચિવ જિલ્લા બાળ સુરક્ષા એકમ સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે.

## મોડાસાના છારાનગર ગામના પરિવારોના મનની વાત

# સારૂ કામ મળે તો દેશી દારૂ ગાળવાનું અને વેચાણનું કામ બંધ કરવા તૈયાર



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના જીવણપૂર નજીક આવેલા છારાનગરમાં ગળાતા દેશી દારૂની ખુશ્બૂ સમગ્ર રાજયમાં પ્રસરેલી હોવાથી દેશી દારૂના રસિકોમાં મોટી માંગ રહે છે છારાનગરમાં દેશી દારૂ ગાળવાનો જાણે ગૃહ ઉદ્યોગ ચાલી રહ્યો હોય તેમ મોટા પ્રમાણમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રો.ડીવાયએસપી ઈશ્વર પરમારે ચાર્જ સાંભળતાની સાથે છારાનગરમાં અને નદીની કોતરમાં ધમધમતી મોટા ભાગની દેશી દારૂની ભઠ્ઠીઓ નાશ કરી દીધી હતી છારાનગરમાં મોટેભાગે મહિલાઓ દેશી દારૂના વ્યવસાય સાથે સંકળાયેલી હોવાની માહિતી મહિલાઓ સંચાલિત અગમ ફાઉન્ડેશનને થતા મહિલાઓ છારાનગરમાં પહોંચી દારૂ ગાળવાની અને વેચાણ સાથે સંકળાયેલ પરિવારની મહિલાઓને મળતા તમામ મહિલાઓએ "સારૂ કામ મળે તો દેશી દારૂ ગાળવાનું અને વેચાણનું કામ બંધ કરવા તૈયાર હોવાની" તેમની મનની વાત કરી હતી

મોડાસા તાલુકાના છારાનગર ગામે અગમ ફાઉન્ડેશનની મહિલાઓ દ્વારા કાર્યક્રમ તેમજ જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગ્રામજનોને અને મહિલાઓને દારૂબંધીના કડક કાયદા અંગે સમજાવવામાં આવ્યા હતા. મોટા ભાગના પરિવારો દારૂ બનાવવા તેમજ દારૂ ગાળવાના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી પરિવારોને દેશી દારૂનો વ્યવસાય છોડી અન્ય વ્યવસાય તરફ વાળવા માટે અગમ ફાઉન્ડેશન દ્વારા અહીંની મહિલાઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. દેશી દારૂના ધંધાર્થે સંકળાયેલ કેટલાય પરિવારો આવા વ્યવસાયને નવી પેઢીને આપવા નથી માંગતા કારણ કે, આનાથી બાળકોમાં યોગ્ય પરવરીશ તેમજ યોગ્ય શિક્ષણ આપી શકતા નથી

દેશી દારૂ ગાળવાના અને વેચાણ કરતી મહિલાઓએ અગમ ફાઉન્ડેશનની મહિલાઓ સાથે પોતાની આપવીતી સંભળાવતા જણાવ્યું હતું કે, તેઓ આ વ્યવસાયને તિલાંજલિ આપવા માંગી રહ્યા છે, જો તેઓને યોગ્ય કામ ઘેર બેઠા મળ શકે. તેઓની પાસે કોઈ જમીન અથવા તો કોઈ એવો રોજગાર નથી કે જેનાથી તેઓ પોતાનું અને પોતાના પરિવારનું આસાનીથી ગુજરાન ચલાવી શકે, માટે મજબૂરીથી તેઓ આવા વ્યવસાય સાથે સંકળાયેલા છે. અગમ ફાઉન્ડેશન દ્વારા ગામમાં મહિલાઓ સહિત પુરૂષોને આ પ્રકારના વ્યવસાયથી દૂર રહીને અન્ય કામ કરવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા.

મોડાસા તાલુકાના જીવણપુર નજીક છરાનગર ખાતે રહેતા પરિવારોને આ વ્યવસાય છોડવો છે પરંતુ તેઓને યોગ્ય કામ નથી મળતું. મહિલાઓએ તો ત્યાં સુધી કહ્યું કે, જો તેમને ૨૫૦ થી ૪૦૦ રૂપિયાનું કામ મળી રહે તો તેઓ દારૂના વ્યવસાયથી દૂર રહેશે. અહી કેટલીક વિધવા મહિલાઓ છે અને એક બે પરિવારોમાં માત્ર મહિલાઓ જ કમાણી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. ત્યારે અહીના ગ્રામજનોને તંત્ર દ્વારા કોઈ મદદ મળે તો દારૂના દૂષણથી તેઓ દૂર રહી શકે તેમ છે

## કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા

નાં સ્લોગનને દાગ લગાવતાં સરકારી પ્રશાસનો દ્વારા કિસ્સાઓ વારંવાર બહાર આવે છે.અને કચ્છનાં ધરોહર એવાં જમીન,નદીઓ,તળાવો,નહેરો અને હવા પ્રદુષિત થતાં કચ્છની જનતા અને ખેડૂતોનાં ઉભા પાકને પારાવાર નુકશાન થઈ રહ્યુ છે.માનવ અધિકાર મિશનને ધ્યાને આવતાં અંજાર તાલુકાનાં મેઘપર બોરીચી થી એરપોર્ટ રોડ પાસે આવેલ સાંગ નદીમાં તેની આસપાસ આવેલ ઉદ્યોગો દ્વારા રોજેરોજ પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં આપેલા નૉન્સ(કાયદા)નું સરેઆમ ઉલ્લઘન કરી એસિડ જેવાં જ્વલંત કેમિકલ્સ પાણી આ સાંગ નદીમાં છોડવામાં આવે છે.જે જમીનનાં તળોમાં ઉતરતાં આજુબાજુના ખેતરોમાં અને રહેતાં પરિવારોને જીવનનિર્વાહ મુશ્કેલ બન્યું છે.તથા જમીન અંદર કરેલાં પાણીનાં બોરમાંથી નીકળતાં પાણી પણ પીવા કે વાપરવાં લાયક રહ્યા નથી.તેમ આજુબાજુના રહેતાં પરિવારો વ્યથા જણાવી રહ્યા છે.

ઉપરોક્ત,બાબત અમોને ધ્યાને આવતાં અમોએ કચ્છનાં ૪ તાલુકાને જોડતી પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં અધિકારીઓને જાણ કરતાં સબ સલામત છે.તેવાં દાવા કરી અમે મોનીટરીંગ કરી રહ્યા છે.તેવાં પોકળ,ઉડાવ જવાબ આપી કોઈપણ જાતની કાર્યવાહી કરેલ નથી.ફક્ત ને ફક્ત સામાન્ય દંડ કરી આવા કારખાનેદારોનેહવા,પાણી અને જમીનમાં ગંદા પાણી છોડવા પ્રોત્સાહિત કરી રહ્યા છે.તે સાબિત થાય છે.પ્રશાંત ભટ્ટ.માનવ અધિકાર મિશન.પ્રેસિડેન્ટ.કચ્છ.



શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સંચાલિત બ્રહ્મ એકેડેમીમાં અભ્યાસ કરીને ચીફ ઓફિસર બનેલ શ્રી પાર્થભાઈ ત્રિવેદી દ્વારા ગાંધીનગર ખાતે અભ્યાસ કરતા બ્રહ્મ સમાજના વિદ્યાર્થીઓને મદદરૂપ થવા પોતાનો પ્રથમ પગાર રૂપિયા ૫૦,૮૬૫/- બ્રહ્મ એકેડમી ગાંધીનગરને શૈક્ષણિક ફંડ પેટે દાનમાં આપેલ છે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર તરફથી શ્રી પાર્થભાઈ ત્રિવેદીને ખુબ ખુબ અભિનંદન તેમજ તેઓ જીવનમાં વધુ ને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ આભાર.

જય પરશુરામ ,હર હર મહાદેવ



ધ્વનિ કલ્ચરલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ધ્વનિ સંગીત પરિવાર, પાટણ આયોજીત વસંતોત્સવ-૨૦૨૦ કાર્યક્ર્મ માં નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીના ડૉ.પંચોલી સર, પાટણ નગરપાલિકા ઉપ પ્રમુખ લાલેશ ભાઈ ઠક્કર, અશોકભાઈ વ્યાસ, નીલેશભાઈ રાજગોર, વિજયભાઈ રયચંદાની, પ્રમુખ હિતેશભાઈ, સમ્યક અને પારસ સર્વે દ્વારા કાસા ની સ્કૂલ ના ગણિત વિજ્ઞાન શિક્ષક શ્રી રાજગોપાલ મહારાજા ને ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ ગણિત શિક્ષક તરીકે પસંદ થવા બદલ સાલ પહેરાવી સન્માન કરવામા આવ્યું જે બદલ રાજગોપાલ મહારાજાએ તેમનો આભાર વ્યક્ત કરેલ

## કોરોના ઈફેક્ટ

# અંબાજી મંદિર એ ૩ ગેટ બંદ કર્યા ,ભક્તો ની સંખ્યામા ભારે ઘટાડો

અંબાજી

શક્તિ ભક્તિ અને આસ્થા નો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત ધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાન સરહદ પર પહાડો પર વસેલું છે આ ધામ પહાડી વિસ્તાર પર આવેલું હોઈ અહીં હાલ મા ઠંડી નો ભારે અહેસાસ થાય છે ત્યારે હાલ મા સમગ્ર વિશ્વ મા કોરોના વાઈરસ એ કહેર મચાવ્યો છે ત્યારે ગુજરાત રાજય મા પણ તેની અસર જોવા મળી રહી છે આજે જગ વિખ્યાત ધામ અંબાજી ખાતે ૧૭ માર્ચ થી વહેલી સવારે મંદિર પ્રવેશ ના ત્રણ ગેટ બંદ કરવામાં આવ્યા હતા અને માઈ ભક્તો માટે દર્શન માટે અંબાજી મંદિર ના મુખ્ય દ્વાર શક્તિ દ્વાર થી જ ગેટ પ્રવેશ કરી ત્યાં ડેટોલ વડે હાથ ધોઈને પ્રવેશ આપવાનો નિર્ણય અંબાજી મંદિર ટ્રસ્ટ એ જાગરૂકતા ના ભાગ રૂપે કર્યો છે ત્યારે આજે અંબાજી મંદિર ખાતે માઈ ભક્તો ની સંખ્યામા ભારે ઘટાડો જોવા મળ્યો હતો આજે અંબાજી મંદિર ના સ્ટાફ પણ મોઢે માસ્ક પહેરેલા જોવા મળ્યા હતા અને સફાઈ કર્મચારીઓ પણ મોઢે માસ્ક બાંધી ને સફાઈ કરતા જોવા મળ્યા હતા ,અંબાજી મંદિર દર્શન માટે બંદ કરવામાં આવ્યુ નથી પણ સાવચેતી ના ભાગ રૂપે મુખ્યદ્વાર થીજ પ્રવેશ કરી હાથ ધોઈને મંદિર મા જવા માટે નિર્ણય કરતા આજે અંબાજી મંદિર ખાલી ખમ લાગતુ હતુ





કોરોના વાઈરસ ની અસર ને પગલે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી આજે મંગળવારે વહેલી સવાર થીજ અંબાજી મંદિર મા પ્રવેશવાના ૭,૮ અને ૯ નંબર ગેટ દર્શનાર્થીઓ માટે બંદ કરાયા હતા જ્યારે માઈ ભક્તો માટે દર્શન માટે શક્તિદ્વાર ગેટ પ્રવેશ માટે ખુલ્લો રાખવામા આવ્યો હતો અહી તમામ સિક્યુરિટી સ્ટાફ મોઢે માસ્ક લગાવી ફરજ બજાવતા જોવા મળ્યા હતા અહી હાથ ધોવા માટે પોઈન્ટ ઉભો કરવામાં આવ્યો હતો અહી ભક્તો હાથ ધોઈને મંદિર મા દર્શન માટે જતા જોવા મળ્યા હતા બીજી તરફ અંબાજી મંદિર ના મહારાજ પણ માથે માસ્ક લગાવી પૂજા કરતા જોવા મળ્યા હતા અંબાજી મંદિર ની હવન શાળા પણ ખાલી ખમ જોવા મળી હતી અંબાજી મંદિર નો ચાચર ચોક પણ ખાલી જોવા મળ્યો હતો મંદિર ના અંદર પણ ભક્તો ની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો આજે વિજાપુર થી એક માઈ ભક્ત દંડ વત પ્રણામ કરીને મંદિર મા આવ્યા હતા અને તેમને મોઢે માસ્ક પણ પહેર્યુ હતુ અંબાજી મંદિર ના સફાઈ કર્મીઓ પણ મોઢે માસ્ક લગાવી સફાઈ કરતા જોવા મળ્યા હતા

જી એલ પટેલ ,નાયબ કાર્યપાલક ઈજનેર ,અંબાજી મંદિર :-તેમને કહ્યું હતુ કે આજે અમે સુરક્ષા ના ભાગ રૂપે અંબાજી મંદિર ના ત્રણ ગેટ બંદ કરી તમામ ભક્તો ને શક્તિ દ્વાર થી પ્રવેશ આપવા માટે નિર્ણય કર્યો છે સાથે ભક્તો હાથ ધોઈને મંદિર મા પ્રવેશી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે સાથે અંબાજી મંદિર મા પ્રાથમીક સારવાર કેન્દ્ર પણ શરુ કરવામાં આવ્યુ છે.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

## કોરોના કહેર

# મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં રાજ્ય સરકારના આદેશો ઘોળીને પી ગયા ટ્યુશન સંચાલકો અને મોલ ધારકો

અરવલ્લી બ્યુરો મોડાસા

દેશમાં કોરોના વાયરસનો ઝડપી પસાર થઈ રહયો છે.ત્યારે વધતા જતાં કોરોના વાયરસ ના કિસ્સાઓના પગલે ગુજરાત સરકારે મોટો નિર્ણય કર્યો છે.જેમાં ૨૯ માર્ચ સુધી શાળા-કોલેજ ,મોલ-થિયેટર બંધ રાખવા સરકાર દ્વારા આદેશ કરાયા છે.ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની અંદાજે ૩૦૦૦ હજારથી વધુ પ્રાથમિક શાળા,માધ્યમિક સ્કૂલ અને શૈક્ષણિક સંકુલ તા.૧૬ માર્ચ થી ૨૯ માર્ચ સુધી બે સપ્તાહ માટે બંધ રખાશે.મોડાસા નગરપાલિકા તંત્ર પણ કોરોના વાઈરસને લઈને પગલે સતર્ક બની ૭૫ એકમોને નોટિસ ફટકારી છે બીજીબાજુ મોડાસા શહેરમાં આવેલ શોપિંગ મોલ અને કેટલાક ટ્યુશન ક્લાસીસના સંચાલકો રાજ્ય સરકારના આદેશોને ઘોળીને પી જતા ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે શોપિંગ મોલના માલિકોએ એક જ શટર ખુલ્લું રાખી તંત્રને આંખમાં ધૂળ નાખવાનો પ્રયત્ન થઈ રહ્યો છે

કોરોના વાયરસથી દુનિયાભરમાં અત્યાર સુધીમાં ૧.૯૬ લાખથી વધુ લોકો સંક્રમિત થઇ ચૂકયા છે, જયારે ૬૫૦૦ થી વધુ લોકો કોરોનના પગલે મોતને ભેટી ચૂકયા છે.ભારતમાં અત્યાર સુધીમાં ૧૧૨ લોકો કોરોના વાઈરસથી સંક્રમિત થઇ ચૂકયા છે અને ૩ લોકોના મોત થયા છે ગુજરાત સરકારે પણ રાજયમાં શોપિંગ મોલ, સ્કૂલ અને કોલેજ ૩૧મી માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે હાલ આરોગ્ય વિભાગ કોરોના વાઈરસને લઈને પણ સતર્ક બન્યું છે ત્યારે અરવલ્લી જીલ્લામાં કેટલાક લોભિયા ટ્યુશન સંચાલકો અને મોલ ધારકો છાનાછપને તેમનો ધંધો ચલાવી બાળકો અને લોકોના સ્વાસ્થ્ય સાથે ખિલવાડ કરી રહ્યા છે

ડબ્લ્યુ.એચ.ઓ દ્વારા પેનેડેમીક જાહેર કરેલા નોવેલ કોરોના વાઈરસને લઈને મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા પાલિકાના હદમાં આવેલ કોચિંગ ક્લાસીસ, ટ્યુશન ક્લાસીસ,હોટલ ,મોલ સહીત ૭૫ જેટલા એકમોને પણ તકેદારી રાખવા તાકીદ કરવામાં આવી છે અને મોડાસા શહેરમાં આવેલ આવા એકમો પર ૧૫ થી વધુ વ્યક્તિઓ એકઠા નહિ થવા દેવા અને જાહેરમાં થુંકવું નહિના આદેશ કરી દીધા છે બીજીબાજુ મોડાસા શહેરમાં કેટલાક કોચિંગ ક્લાસીસ,ટ્યુશન ક્લાસીસ ધમધમી રહ્યા છે કેટલાક મોલધારકો પણ મૉલનું એક શટર ખુલ્લું રાખી ધંધો કરી રાજય સરકાર અને નગરપાલિકા તંત્રની આંખોમાં ધૂળ નાખી રહ્યા છે ત્યારે જોવું રહ્યું કે આવા લોભિયા લોકો સામે વહીવટી તંત્ર કોઈ દંડનીય કાર્યવાહી કરશે કે પછી આ આદેશ ફક્તને ફક્ત સ્કૂલ કોલેજ સુધી સીમિત રહેશે જેવા અનેક પ્રશ્નો પેદા થયા છે .

## અરવલ્લીમાં સ્ટેટ વિજિલન્સ ત્રાટકી

# શામળાજી નજીક ખેર ગામ પાસેથી સ્વીફ્ટ કારમાંથી ૧.૨૩ લાખનો વિદેશી દારૂ સાથે ૨ શખ્શોને દબોચ્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં અરવલ્લી જીલ્લાની રતનપુર ચેકપોસ્ટ માર્ગે વિદેશી દારૂ ઘુસાડવા માટે સિલ્ક રૂટ તરીકે જાણીતો છે આંતરરાજ્ય ચેકપોસ્ટ હટાવ્યા પછી તો બુટલેગરો માટે લાલ જાજમ પથારી હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે પરપ્રાંતીય બુટલેગરો ગાંધીનગરના છુપા આશીર્વાદથી લાઈનો ચલાવી વિદેશી દારૂનો જથ્થો મોટા પ્રમાણમાં ઠાલવી રહ્યા છે સ્ટેટ વિજિલન્સની ટીમે શામળાજી પોલીસને ઉંઘતી રાખી ખેર ગામ નજીકથી વિદેશી દારૂ ભરી પસાર થતી સ્વીફ્ટ કારમાંથી ૧.૨૩ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી બે શખ્શોને દબોચી લીધા હતા સ્વીફ્ટ કારમાં કુખ્યાત બુટલેગર ભરત લંગડાએ અને તેના સાગરીતોએ વિદેશી દારૂ ભરી આપ્યો હતો અને આ જથ્થો અમદાવાદ નરોડાના બુટલેગરને જથ્થો પહોંચાડવાનો હોવાની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે બીજીબાજુ શામળાજી પોલીસ અગમ્ય કારણોસર આંખ આડા કાન કરી સબ સલામતના દાવાઓ કરી રહી હોય તેમ બુટલેગરોને છૂટોદોર મળી ગયો છે સ્ટેટમોનીટરીંગ સેલના પીએસઆઈ એચ.વી.ચૌધરી અને તેમની ટીમે શામળાજી નજીક ખેરાબ્રીજ નીચે ખેરા ગામ પાસે વાહનોનું ચેકીગ હાથધરી રાજસ્થાન તરફથી આવતી સ્વીફ્ટ કાર (ગાડી.નં-GJ -01 -RF 2590 ) ને અટકાવી તલાસી લેતા કાર માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૭૩૧ કી.રૂ.૧૨૩૨૦૦/- નો જથ્થો જપ્ત કરી દિપક સુરેશ ખરાડી અને અમરત કસરાજી ખરાડી (બંને.રહે રાજસ્થાન) ને ઝડપી પાડી મોબાઈલ નંગ-૨ ,સ્વીફ્ટ કાર તથા આરોપીઓ પાસેથી મળી આવેલ રોકડ રકમ-૧૯૧૫ મળી કુલ.રૂ.૫૨૯૬૧૫/- નો મુદ્દામાલ જપ્ત કરી સ્વીફ્ટ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર ૧)ચિરાગ પ્રકાશચંદ્ર પંચોલી,૨) ભરત ઉર્ફે ભરત લંગડો ઉદેલાલ ડાંગી,૩)રોનક કલાલ,૪) રામલાલ (તમામ,રહે.રાજસ્થાન) અને વિદેશી દારૂ મંગાવનાર બુટલેગર વિરુદ્ધ શામળાજી પોલીસસ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## રાધનપુર પત્રકાર એસોસિએશન દ્વારા

# સાંતલપુર પીએસઆઈ અને ભુ માફિયા ઓ વિરુદ્ધ તપાસ કરવા આવેદનપત્ર આપવામાં આવ્યું

પાટણ જિલ્લા ના સાંતલપુર તાલુકા ના પત્રકાર સંગઠન એકતા ના મિડીયસેલ કન્વીનર ભગીરથ સિંહ ઉપર સાંતલપુર પોલીસ સ્ટેશન દ્વારા પીએસઆઈ દ્વારા ખોટો કેસ કરતા રાધનપુર તાલુકા સંગઠન દ્વારા આ બાબત વખોડી કાઢી હતી. ગઈકાલે પત્રકાર દ્વારા જ્યાં ખનન ચાલુ હતું તે સમય દરમિયાન આ ખનન ના વિડીઓ લેતા ભુમાફિયા રેલ કોન્ટ્રકટર ને આ બાબત ની જાણ થતાં સ્થાનિક પીએસઆઈ ને જાણ કરી હતી ત્યારબાદ પીએસઆઈ દ્વારા પત્રકાર ની ખોટી રીતે ધરપકડ કરી જેલ ના હવાલે કોઈ કારણ સર કરવામાં આવ્યો હતો.આ બાબત ની જાણ રાધનપુર પત્રકાર એસિયશન ને થતા નાયબ પોલીસ અધિક્ષક શ્રી,અને નાયબ કલેકટર શ્રી રાધનપુર ને તાલુકા સંગઠન અને જાગૃત નાગરિકો સાથે મળી આવેદનપત્ર આપવામાં આવ્યું છે જેમાં આ રેલ કોન્ટ્રકટર ના વારાહી થી લઈ ને પીપરડા સુધી નાખેલ માટી ની તટસ્થ તપાસ થાય અને સરકારી રોયલ્ટી વસુલય તેમજ વધુ ચોરી થયેલ જણાય તો પીએસઆઈ ની ફરજ પર બેદરકારી દાખવ્યા બદલ કાર્યવાહી થાય તેવી માગણી આવેદનપત્ર માં કરાઈ છે અને આવા ખોટા કેસ પત્રકારો ઉપર ના કરવામાં આવે તે પણ રજુઆત કરવામાં આવી હતી વધુ માં આ બાબતે તપાસ કરી કાર્યવાહી નહિ થાય તો દિન ૧૦ માં જિલ્લા કક્ષા એ ગાંધી ચીધ્યા માર્ગે તપાસ માટે બેસવા નું આવેદનપત્ર માં જણાવ્યું છે ત્યારે આ બાબતે કેવા પ્રકારના પગલાં ભરાય છે તે આવનાર સમય બતાવશે.નિખિલ જોશી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.